उन्नति

# વિચાર

વર્ષ ૧૨ અંક ૩ જુલાઈ – સપ્ટેમ્બર , ૨૦૦૭

**અનુક્રમ**

**સંપાદકીય** 1

**વિકાસલક્ષી મુદ્દાઓ**

- સ્થાનિક વિકાસ માટે સામુદાયિક સંગઠનોની અધિકારિતા માટેનાં કટિબદ્ધ પગલાં 2

**આપને માટે**

- પછાત પ્રદેશ અનુદાન ભંડોળ 8

**આપણી વાત**

- રોજગારી અને શિક્ષણ: સામાજિક અન્વેષણ 12
- આદિવાસીઓના જમીન પરના અધિકારો: 'સમતા' દ્વારા લડત 14

**સંદર્ભ સાહિત્ય** 17

**સાંપ્રત પ્રવાહ અને આગામી કાર્યક્રમ** 21

**અમારા વિશે** 25

**સંપાદક ટીમ**

દીપા સોનપાલ

હેમન્તકુમાર શાહ

બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમ: રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંગઠનના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

**સંપાદકીય**

## વિકાસ, સહભાગિતા અને અધિકારિતાઃ બજાર અને રાજ્યની ભૂમિકા

બીજા વિશ્વયુદ્ધ બાદ એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાના જે દેશો સ્વતંત્ર થવા માંડ્યા તે દેશોમાં આર્થિક વિકાસ એક અગત્યનો મુદ્દો બની ગયો. આ દેશો મુખ્યત્વે સંસ્થાનવાદી ઈતિહાસ સમાન રીતે ધરાવતા હતા પરંતુ તેમની વિકાસ વિશેની માન્યતાઓ તેમના સાંસ્કૃતિક ઈતિહાસમાં ભરપૂર પ્રમાણમાં પડેલી હતી. તેમ છતાં જ્યારે વિકાસ વિશે વિચારવામાં આવ્યું ત્યારે સૌને એક જ લાકડીએ હાંકવાનું અને એક જ દિશામાં વિકાસ કરવા માટે પ્રયત્ન કરવાનું નક્કી થઈ ગયું હોય એવી રીતે વિકાસનો માર્ગ પ્રશસ્ત કરવામાં આવ્યો. તેનું પરિણામ એ આવ્યું કે વિકાસ વિશેનો એક જ માર્ગ છે એમ સ્વીકારી લેવામાં આવ્યું અને વિકાસ ઉપરથી નીચેની દિશામાં ધીમે ધીમે ઝમતો જશે એમ માનવામાં આવ્યું. આ માન્યતાને પરિણામે જ ભારતમાં મોટે ભાગે વિકાસ કેન્દ્રીય ઢબના આયોજનના માર્ગે ઉપરથી નીચે ફેંકવાની વસ્તુ બની ગઈ. સ્પષ્ટ છે કે આવો ફેંકાયેલો વિકાસ છેક નીચે આમ આદમી સુધી પહોંચ્યો નહિ કારણ કે એ સ્વીકારાયો નહિ. તેની અસ્વીકૃતિ પાછળનું કારણ એ હતું કે તે સ્થાનિક જરૂરિયાતો અનુસારનો નહોતો અને તેમાં લોકો ભાગીદાર નહોતા. લોકભાગીદારી અથવા સહભાગિતાનો ખ્યાલ એકંદરે વિકાસ વિશેના આયોજનમાં તાજેતરમાં પ્રવેશ્યો છે. તેના આ પ્રવેશે વિકાસ વિશેની સમગ્ર ભાષાને બદલી નાંખી છે. તેથી હવે સ્થાનિક વિકાસને યેનકેનપ્રકારેણ લોકભાગીદારી સાથે સાંકળવાનો પ્રયાસ મોટા ભાગની સરકારો કમ-સે-કમ નામ પૂરતું તો કરતી થઈ જ ગઈ છે.

લોકભાગીદારીને માત્ર લોકોના નાણાકીય ફાળાના સ્વરૂપે કે તેમના શ્રમદાનના સ્વરૂપે હજુ સુધી જોવામાં આવે છે. આ રીત વાસ્તવમાં લોકોને વિકાસમાં ભાગીદાર બનાવવાની નથી, પરંતુ વિકાસમાં તેમનો ફાળો લેવાની છે. તેથી કંઈ લોકો આપમેળે વિકાસની પ્રક્રિયાના અને વિકાસના ફળના માલિક બની જતા નથી. હકીકતમાં લોકો પાસે સામાજિક, આર્થિક અને રાજકીય સત્તા અને નિર્ણયો લેવાની ક્ષમતા અને સત્તા આવે ત્યારે વિકાસ લોકોનો, લોકો દ્વારા અને લોકો માટે થયો છે એમ કહેવાય. બજાર અને રાજ્ય અત્યારે લોકોના સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય જીવન ઉપર વ્યાપક પ્રભાવ ધરાવતાં થઈ ગયાં છે. તેવા સંજોગોમાં લોકો એ બંનેના વર્ચસ્વમાંથી બહાર નીકળે અને પોતાના જીવન વિશેના નિર્ણયો પોતે લેતા થાય ત્યારે સાચા અર્થમાં સ્વરાજ આવ્યું કહેવાય. દેશ પ્રજાસત્તાક બને તેથી કંઈ લોકો પ્રજાસત્તાક બની જતા નથી. લોકોને અધિકારો અને સત્તા મળે અથવા તેમના અધિકારો અને સત્તાનો સ્વીકાર બજાર અને રાજ્ય કરે તેવા પ્રકારની વ્યવસ્થાઓ અને તંત્રો વિકસાવવાનું અને તેમને સતત મજબૂત બનાવવાનું જરૂરી છે. આવી વ્યવસ્થાઓ અને તંત્રોની સતત સમીક્ષા થતી રહે તથા તે પ્રજાભિમુખ બને તે માટે તેમાં સતત સુધારા થતા રહે એ આવશ્યક છે. તેનો સ્પષ્ટ અર્થ એ છે કે બજાર કે રાજ્ય કે તેમની સત્તાનાં કોઈ પણ માળખાં નાગરિકો માટે છે અને નાગરિકો એ માળખાં માટે અસ્તિત્વ ધરાવતાં નથી એ બાબત સૌએ સ્વીકારવાની આવશ્યકતા રહે છે.

# સ્થાનિક વિકાસ માટે સામુદાયિક સંગઠનોની અધિકારિતા માટેનાં ક્રમબદ્ધ પગલાં

'પાર્ટિસિપેટરી લર્નિંગ એન્ડ એક્શન'ના જુન-૨૦૦૭માં છપાયેલો આ લેખ **સ્વ. શ્રી અનિલ શાહ** દ્વારા તેમના અવસાનના થોડા સમય અગાઉ જ લખાયો હતો. તેઓ 'ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર'ના સ્થાપક અને પછીથી ચેરમેન-એમિરિટસ હતા. અંગ્રેજીમાંથી અનુદિત આ લેખમાં તેમણે જળસ્રાવ વિકાસ કાર્યક્રમમાં સ્થાનિક સમુદાય અને સામુદાયિક જૂથોની અધિકારિતા કેવી રીતે ઊભી કરી શકાય અને વિકાસલક્ષી સંસ્થાની તથા તેના કાર્યકરની ભૂમિકા શી હોવી જોઈએ તેની ૧૧ પગલાંમાં વિશદ છણાવટ કરી છે. જો કે, ગ્રામ વિસ્તારોમાં કોઈ પણ વિકાસલક્ષી કાર્યક્રમ કરનારી સંસ્થા કે તેના કાર્યકર માટે આ પગલાં મહત્ત્વનાં થઈ પડે તેમ છે.

### પ્રસ્તાવના

અધિકારિતા (એમ્પાવમેન્ટ) એટલે સ્થાનિક જૂથોને તેમની પોતાની સમસ્યાઓનું વિશ્લેષણ કરવા અને તેમનાં જ્ઞાન અને સમજ અનુસાર તે સમસ્યાઓના સંભવિત ઉકેલો વિશે વિચારવા શક્તિમાન બનાવવા તે. તે તેમને ચકાસણી કરવા, વિકલ્પો વિશે વિચારવા અને વિકાસની સૌથી વધુ યોગ્ય વ્યૂહરચના કઈ હોવાનું તથા તેનો કાર્યક્રમ કયો હોવાનું તેમને લાગે છે તે નક્કી કરવા માટે શક્તિમાન બનાવે તેમ થવું જોઈએ.

વિકાસની સારી પ્રક્રિયામાં લોકો પાસે અગ્રિમતાઓ હોવી જ જોઈએ. બહારની સંસ્થાની ભૂમિકા સુલભકર્તાની જ હોય. લોકો પોતે તેમની સ્થિતિનું વિશ્લેષણ કરે અને કામચલાઉ ઉકેલો શોધી કાઢે તે પહેલાં સ્થાનિક જૂથો માટે શું સારું છે તે વિશેના પોતાના વિચારો બાહ્ય સંસ્થાએ પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે કે સૂક્ષ્મ રીતે લાદવા જોઈએ નહિ એ તેનો અર્થ છે. આ તબક્કા સુધી વિકાસના બાહ્ય સુલભકર્તાએ એટલે કે પરિયોજનાનો અમલ કરનારી સંસ્થાએ ઉકેલો આપવાના કે સલાહ આપવાના પ્રલોભનને ટાળવું જોઈએ.

અધિકારિતાની પ્રક્રિયાને સુલભ બનાવવા માટે આવો સંયમ પાળવાનું અનિવાર્ય છે. આ પ્રક્રિયા કાર્યક્રમને વધુ ટકાઉ બનાવે, એવો બનાવે કે જેનું સંચાલન સતત સ્થાનિક જૂથો દ્વારા થાય, સુલભકર્તા બાહ્ય સંસ્થા પાછી હટી જાય કે તે તેની સામેલગીરી ઓછી કરી નાખે તો પણ તેનું સંચાલન ચાલુ રહે. આ બાબત સૈદ્ધાંતિક રીતે ખૂબ સરળ લાગે છે પણ વ્યવહારમાં તે ખૂબ જ મુશ્કેલ છે. કોઠા નં.૧માં તે જણાવાયું છે. આ પ્રક્રિયા તરફ આગળ વધવાનો એક રસ્તો એ છે કે તેમાં એક પછી એક અનેક પગલાં ભરવાં પડે. આ લેખમાં પ્રાકૃતિક સંસાધનોના વિકાસના કાર્યક્રમને વિકસાવવાના મારા પોતાના તથા 'ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર'ના ક્ષેત્રીય અનુભવોને આધારે કેટલાંક સૂચનો કરું છું.

### લોકો પહેલા, પછી વિકાસલક્ષી સંસ્થા

કાર્યક્રમની પ્રવૃત્તિઓ અને માળખાં એવાં હોવાં જોઈએ કે જેથી સ્થાનિક જૂથો પરિયોજનાનો ગાળો પૂરો થઈ જાય પછી અને સુલભકર્તા સંસ્થા આસપાસ ન હોય ત્યારે પણ તેમનો નિભાવ કરે અને તેમનો ઉપયોગ કરે. તેથી અધિકારિતાના કેટલાક પાયાના સિદ્ધાંતો ધ્યાનમાં રાખવાનું મહત્ત્વનું છે. આ સિદ્ધાંતો નીચે મુજબ છે:

(૧) લોકોને તેમની પોતાની પૂરતી સમસ્યાઓ છે. તેમને તમારા કે તમારી સંસ્થાનાં મિશન, કાર્યક્રમ કે લક્ષ્યાંકો વિશે કશી ચિંતા નથી.

(૨) લોકોને જે સમસ્યાઓ મહત્ત્વની લાગે તેને વિશેની સમજ કે તેને વિશેની નિસ્બત તેઓ વ્યક્ત કરી શકે તે માટે સંવાદની પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ. અહીં સિદ્ધાંત એ છે કે સમસ્યાની ચર્ચા-વિચારણામાંથી સંભવિત ઉકેલ તરફ આગળ ધપાવું જોઈએ. આ બહુ સરળ અને સ્પષ્ટ લાગે છે પરંતુ એવા વિકાસલક્ષી કાર્યકરો માટે તે વ્યવહારમાં મૂકવાનું મુશ્કેલ હોઈ શકે છે કે જેમને તેમની સંસ્થાની કાર્યસૂચિ હોય છે અને લક્ષ્યાંકો હોય છે કે જે પૂરા કરવાના હોય છે. જો સ્થાનિક ઉદાહરણો જેટલા પ્રમાણમાં તેમનો વિનિયોગ કરવાનો છે તેમને માટે પર્યાપ્ત ના હોય તો અન્ય ગામોમાં સ્થાનિક સમુદાય સાથે મળીને સફળ ઉદાહરણો શોધો. જે ગામમાં વિકાસ કરવાનો છે તે ગામની નજીકનાં ઉદાહરણો સામાન્ય રીતે વધારે સારાં, પણ વધુ દૂરના સમુદાયોના ઉકેલો હોય તો પણ તે ખરેખર સારા હોવા જોઈએ.

(૪) લોકોને ગામમાંથી જ ઉદાહરણો મળી રહે તે માટે પ્રોત્સાહન આપો કે જેમાં લોકોએ પોતે જ એ જ પ્રકારની સમસ્યાઓનો સફળ રીતે સામનો કર્યો હોય.

(૫) સ્થાનિક સમુદાયને અને જૂથોને જે સમસ્યાઓ અગત્યની લાગે તેમનો સામનો કરવા માટે તેઓ વિવિધ વિકલ્પો વિચારે તે પછી જ તમે સ્થાનિક જ્ઞાનને પૂરક બનવા માટે તમારું જ્ઞાન

ઉમેરો.

(૬) સમસ્યાના કોઈ પણ ઉકેલનું ખર્ચ તો હોય છે જ. એમ પણ બને કે ખર્ચ થયું પણ હોય. એ સરકાર દ્વારા, સામુદાયિક જૂથ દ્વારા કે વ્યક્તિગત લાભાર્થીઓ દ્વારા પણ થયું હોય. કોઈ પણ લાભ મફત થતો નથી. જ્યારે ખર્ચ કરતાં લાભ વધારે થવાનો હોય ત્યારે જ તે ઉકેલ વિચારવાલાયક ગણાય. વિકાસલક્ષી કાર્યમાં સામાન્ય રીતે ખર્ચ જાહેર સંસ્થા ઉઠાવે છે. વિકાસના લાભાર્થી લોકો સામાન્ય રીતે ખર્ચ કરતાં વધારે લાભ મેળવે છે. અને આપણે ચિરંતન વિકાસ જોઈએ છે તેથી તથા આવી રીતો મોટા પાયા પર અમલમાં આવે છે તેથી, ગ્રામીણ જૂથો સાથે ભાગીદારીમાં કામ કરતી વિકાસલક્ષી સંસ્થાઓએ એની કાળજી લેવાની જરૂર છે કે ખર્ચ/લાભ પ્રમાણ હાનિકારક ન રહે.

અહીં જે પગલાં સૂચવવામાં આવ્યાં છે તે અનિવાર્ય છે અને તેમને અનુસરવાં જ પડે એવું નથી. ખરેખર તો, એ સૂચનો માત્ર છે. કાર્યક્રમનું સ્વરૂપ, સ્થાનિક પરિસ્થિતિ, સમુદાય સાથેના તમારા પોતાના સંબંધો અને સ્થાનિક પ્રતિભાવોને આધારે આ પગલાંને અનુસરી શકાય.

આ તમામ પગલાંનો ક્રમ યોગ્ય રીતે ગોઠવવાનો અર્થ એ નથી કે તેમાં વિગતવાર આયોજન અને અમલની જરૂર પડે. તેનો અર્થ એ છે કે લોકો પહેલા છે અને પછી વિકાસલક્ષી સંસ્થા બીજી આવે છે. તેથી તેમનો આંતરિક ક્રમ નક્કી કરવાની સમજ વિકસાવવાનું અને તેના અનુભવોમાંથી શીખવાનું મહત્ત્વનું છે.

## પગલાંનો આંતરિક ક્રમ

એક વિકાસલક્ષી કાર્યકર તરીકે તમે એક નવા ગામમાં જાવ છો એવી કલ્પના કરો. તમારે ત્યાં એક નવો વિકાસલક્ષી કાર્યક્રમ દાખલ કરવાનો છે. તમે એ કાર્યક્રમ સહભાગી અને ચિરંતન બંને બને એમ ઈચ્છો છો. તમને એવી આશા છે કે સ્થાનિક સમુદાય તેને પોતાનો કાર્યક્રમ ગણશે અને ધીમે ધીમે તેઓ પોતે જ એ કાર્યક્રમનું સંચાલન

### કોઠા નં.૧ઃ ક્રમનું મહત્ત્વ

ભારતમાં જળસ્રાવ વિકાસ કાર્યક્રમનો અખત્યાર સંભાળતા એક વરિષ્ઠ અધિકારીની હું મુલાકાત લઈ રહ્યો હતો. તેમણે થોડા ગૌરવપૂર્વક અદ્યતન વિકાસની વિગતો આપી. ઉપગ્રહ દ્વારા લેવાયેલાં ચિત્રોની મદદથી તેમનું ખાતું એક રંગીન નકશો તૈયાર કરી રહ્યું હતું. દા.ત. તેમાં સ્પષ્ટપણે એવા ઉજ્જડ પ્રદેશો જણાવાયા હતા કે જ્યાં હરિયાળી કરવાની જરૂર છે અને એવાં સ્થળો પણ દર્શાવાયાં હતાં કે જ્યાં વરસાદી જળનો સંગ્રહ કરી શકાય છે. તેમણે એ ગામ માટે જળસ્રાવ વિકાસની યોજના ઝડપથી તૈયાર કરવા માટે એ નકશાઓનો ઉપયોગ કેવી રીતે કરાશે એ સમજાવ્યું.

તેમણે કહ્યુંઃ "જળસ્રાવ નિષ્ણાત આ નકશો પોતાની સાથે એ ગામમાં લઈ જઈ શકે અને ગ્રામવાસીઓને બતાવે કે જળસ્રાવ વિકાસની યોજના બનાવવાનું તેમને માટે કેટલું આસાન છે!"

મેં પૂછયુંઃ "તો પછી ગ્રામવાસીઓની ભૂમિકા શી હશે?"

તેમણે ઉત્તર વાળ્યો: "અલબત્ત, જળસ્રાવ યોજનાને આખરી ઓપ આપતાં પહેલાં નિષ્ણાત વ્યક્તિ તેમનાં મંતવ્યો અને સૂચનોને ધ્યાનમાં લેશે."

તેમણે જોયું કે મને આશ્ચર્ય થયું છે અને પૂછ્યું કે આ નવી પદ્ધતિ વિશે મને શું વાંધો છે.

મેં કહ્યુંઃ "કદાચ નિષ્ણાત વ્યક્તિ સૌ પ્રથમ તો એ નકશો પોતાના થેલામાં મૂકી રાખે અને પછી ગ્રામવાસીઓને એ પૂછે કે ગામતળનાં વિશિષ્ટ લક્ષણો કયાં છે અને વિકાસનું આયોજન કેવી રીતે થઈ શકે એમ તેમને લાગે છે? પછીથી નિષ્ણાત વ્યક્તિ તેમને એમ જણાવે કે બીજા કેટલાક નિષ્ણાતો પણ છે કે જેમને તેમના ગામમાં રસ છે. એટલે કે, આકાશમાંથી લીધેલા ફોટા દ્વારા તેઓ તેમનો વિકાસ નકશો વધારે ચોકસાઈપૂર્વક બનાવી શકે છે. શું તેઓ તેના તરફ નજર કરશે ખરા? જો ગ્રામવાસીઓ તેમાં રસ બતાવે તો નિષ્ણાત વ્યક્તિ પછી તેમને તે નકશા બતાવે અને જળસ્રાવ વિકાસનું આયોજન તેમની મદદથી કેવી રીતે કરી શકાય તે સમજાવે. અને પછી ગ્રામવાસીઓ તેમની ટીકા-ટિપ્પણ અને સૂચનો આપે કે જેના વિશે નિષ્ણાત વ્યક્તિ વિચારે."

મેં જે કંઈ કહ્યું તેનાથી એ અધિકારી પણ દિગ્મૂઢ થઈ ગયા. તેમણે સ્મિત વેરીને કહ્યું: "બરાબર, એ ઓછેવત્તે અંશે એક જ છે. માત્ર ક્રમ જ જુદો છે."

અને મેં તરત જ તેમાંથી મુદ્દો પકડ્યોઃ "હા, ક્રમમાં જ તફાવત છે. ખરો વિકાસ અને ખરી અધિકારિતા ત્યારે જ થાય છે કે જ્યારે ગ્રામવાસીઓ પ્રાથમિકતા નક્કી કરે છે, નિષ્ણાતો નહિ." આખરી નિર્ણય ગ્રામવાસીઓ અને નિષ્ણાતો બંનેનાં મંતવ્યોના મિશ્રણથી ઊભો થવો જોઈએ.

## કોઠા નં.૨ઃ જળસ્રાવ વિકાસનું ઉદાહરણ

સમુદાય સાથેની બેઠકમાં તમે આટલી બાબતો કરી શકોઃ

- તમે એમ કહી શકો કે ખેતીનું ઉત્પાદન વધે, ઉત્પાદકતા વધે અને આવક વધે તેમાં ગ્રામ સમુદાયને મદદ કરવામાં તમને રસ છે. એટલે તમે તેમના ગામના મુખ્ય પાકોમાં ખેતીની ઉત્પાદકતાના વર્તમાન પ્રમાણને સમજવા માગો છો.
- તમે ચાર્ટ પેપર ઉપર લોકોને તેમના ગામની સરહદો, ઢોળાવ, વહોળા, જંગલ વિસ્તાર, જાહેર જમીન અને સાર્વજનિક જમીન, સિંચાઈની સારી સવલતો ધરાવતા વિસ્તારો કે ગામના કૂવા વગેરે દોરવા માટે પ્રોત્સાહન આપો.
- હવે તમે મુખ્ય પાકની ઉત્પાદકતા વિશે ચર્ચા કરી શકો છોઃ ગામના કે ખેતરોના કયા ભાગ વધારે ઉત્પાદક છે? એવું છે એમ ગ્રામવાસીઓને શા માટે લાગે છે? કયાં ખેતરો ઓછાં ઉત્પાદક છે? શા માટે? કયાં પરિબળોને લીધે? ઊંચી ઉત્પાદકતા સિદ્ધ કરવા માટે એ ખેડૂતોએ શું શું કરવું જોઈએ?
- જે કેટલાંક પરિબળો ઉપસી આવશે તેમાં પાણીની સવલતો, જમીનનો ઢોળાવ અને જમીનનું ધોવાણ વગેરે હશે. તમે એમ પૂછી શકો કે: "જો એવી સવલતો ગામમાં ઊભી કરવી હોય તો તે ક્યાં ઊભી કરવી જોઈએ? તેનાથી શું લાભ થશે, ઊપજમાં શું લાભ થશે અને નાણાકીય લાભ શું થશે?"

તમને હવે એવું જણાવવાનું પ્રલોભન થાય કે તમારી પાસે જળસ્રાવ વિકાસ કાર્યક્રમ છે અને તે તેમને તેમની સમસ્યાઓમાં મદદરૂપ થઈ શકે છે. તમે સમુદાયને હવે એમ પણ જણાવી શકો કે તમારી વિકાસલક્ષી સંસ્થા જો સ્થાનિક સમુદાય નાનો ફાળો આપવા માટે તૈયાર થાય તો મોટા પ્રમાણમાં નાણાકીય ટેકો પૂરો પાડી શકે છે.

તમે જ્યારે તમારી યોજના કહેશો અને તેને માટે નાણાંની કોથળીઓ આપશો ત્યારે ગ્રામજનોને પણ આશ્ચર્ય થશે. તમે પ્રલોભનનો પ્રતિકાર કરો! આ ખૂબ જ મુશ્કેલ બાબત છે કારણ કે વિકાસલક્ષી કાર્યકરને તેના પોતાના કાર્યક્રમના લક્ષ્યાંકો હોય છે જે સિદ્ધ કરવાના હોય છે. એમ હવે લાગે કે સમુદાય જળસ્રાવ વિકાસ કાર્યક્રમ હાથ ધરવા માટે તૈયાર છે. પણ એ સાચું નથી. ગ્રામીણ સમુદાયે તો હજી તેની સમસ્યાઓનું વિશ્લેષણ કરવાની જ શરૂઆત કરી છે. હજુ એ જાણતો જ નથી કે એ કાર્યક્રમનો અર્થ સમુદાય માટે શો છે અને તેના વ્યક્તિગત સભ્યો માટે શો છે કે પછી તે બાહ્ય સંસ્થા પાસેથી શાની શાની અપેક્ષા રાખે છે.

કરતા થઈ જશે.

**પગલુંઃ ૧**

જે ગામમાં વિકાસ કરવાનો છે તે ગામના સ્થાનિક નેતાઓ કોણ કોણ છે, મુખ્ય સમુદાયો અને જ્ઞાતિઓ કયાં કયાં છે અથવા ગામમાં કેટલાં કુટુંબો વસે છે વગેરે જેવી બાબતો વિશે માહિતી મેળવવા માટે લોકોને મળવાનું શરૂ કરો.

**પગલુંઃ ૨**

સ્થાનિક નેતાઓને મળો. તમે વિકાસલક્ષી સંસ્થાના કાર્યકર છો તેવી ઓળખાણ આપો. સંસ્થા સમુદાય-આધારિત જૂથો અને સંગઠનોને ટેકો આપવામાં રસ ધરાવે છે એમ તમે એમને જણાવો. યોજનાની વિગતોમાં અત્યારે જવાનું નથી. આ વાત મહત્ત્વની છે. અત્યારે તો, તમે માત્ર એટલી જ ધારણા કરો છો કે તે ગામના વિકાસ માટે પ્રસ્તુત છે, ઉપયોગી છે.

**પગલુંઃ ૩**

એ બેઠકમાં કે પછી તે પછીની બેઠકમાં સ્થાનિક પરિસ્થિતિ વિશેની સમજ કેળવો. ગામના વિવિધ ભાગોની મુલાકાત લો, ખાસ કરીને એવા વિસ્તારોની મુલાકાત લો કે જ્યાં ગરીબ સમુદાયના લોકો રહેતા હોય. જેમ કે, સિંચાઈની નહેરના છેક છેડે રહેતા લોકો. તેમની સમસ્યાઓને સમજો. તમે કોઈક પાક, વ્યક્તિઓ, જૂથો કે અસામાન્ય ઝાડ જુઓ તો રોકાઈ જાવ. તમે જે કંઈ જોઈ રહ્યા છો તેને વિશે સીધા-સાદા પ્રશ્નો પૂછો અને લોકો જે કહે તે ધ્યાનપૂર્વક સાંભળો.

**પગલુંઃ ૪**

આગળ વધો અને તમે કોઈ મોટા જૂથને મળો તો બેસી જાવ. તમે એ સમસ્યાઓ વિશે પ્રશ્નો પૂછો કે જે તમારા કાર્યક્રમ સાથે સંબંધિત હોઈ શકે છે. દા.ત. જો એ જળસ્રાવ વિકાસ કાર્યક્રમ હોય તો તમે તેઓ કયા પાક લઈ રહ્યા છે, કેટલી ઊપજ થાય છે અને કેટલાકની ઊપજ બીજા કેટલાક કરતાં શા માટે વધારે છે એવા કેટલાક મુદ્દા વિશે ચર્ચા છેડો.

તમે કાગળ (કે જે તમે હંમેશાં સાથે લઈને ફરતા હોવ છો!) ઉપર કે જમીન ઉપર તેમને એ તફાવતો સમજાવવાનું જણાવો. જ્યારે ગ્રામવાસીઓ પરિસ્થિતિ વિશેના તેમના ખ્યાલો અને તેમની સમજ દોરવાની કે લખવાની શરૂઆત કરે ત્યારે જ તમે અધિકારિતા (એમ્પાવરમેન્ટ)ની પ્રક્રિયામાં સામેલ થઈ ગયા હોવ છો. તમારી જબરજસ્ત જિજ્ઞાસા તમારા પ્રશ્નોમાં વ્યક્ત થાય છે અને સ્થાનિક

સમુદાયને તે તમારી ઉપર મૂકી દે છે. એટલું યાદ રાખો કે તમે અહીં સંપૂર્ણપણે માત્ર વિદ્યાર્થી બની જાવ છો અને કંઈક શીખો છો.

**પગલું: ૫**

અત્યાર સુધીમાં, તમારા કાર્યક્રમ સાથે સંબંધિત એવી ગામ વિશેની એકંદર માહિતી તમે મેળવી લીધી હશે. જો કે, તમે જાણો છો કે ગામનો સમુદાય એક જ પ્રકારનો નથી પરંતુ તેમાં વિવિધ જૂથો છે, કેટલાંક એવાં છે કે જે બીજાં કરતાં વધારે સારી સ્થિતિમાં છે. તેથી એ અનિવાર્ય છે કે સામે ચાલીને તેવાં છેવાડાંનાં જૂથોને મળવું. તેમાં કદાચ સીમાન્ત ખેડૂતો પણ હોય અથવા 'નિમ્ન' જ્ઞાતિઓ પણ હોય. તેઓ જ્યાં રહે છે અથવા રહી શકે છે એ વિસ્તારોની મુલાકાત લો અને તેમની સાથે વાતો કરો. અત્યંત જિજ્ઞાસા સાથે, તેમની પરિસ્થિતિને અને સમસ્યાઓને તેઓ જે રીતે સમજે છે તે રીતે સમજવાનો પ્રયત્ન કરો. ફરી એક વાર, તમારો કાગળ અને તમારી પેન તેમને આપો. પ્રક્રિયાનો આ ભાગ એટલે વંચિતોને સન્માન આપવાની પ્રક્રિયા. ગામના નેતાઓને ગુસ્સે કર્યા વિના હોંશિયારીપૂર્વક આ કામ થવું જોઈએ.

**પગલું: ૬**

ગામની પરિસ્થિતિ વિશેનો એકંદર ખ્યાલ હવે તેમને આવી ગયો હશે, અને તમે જે કાર્યક્રમને આગળ ધપાવવા માગો છો તેની સાથે સંબંધિત એવા ઉકેલોના વિકલ્પો કયા કયા છે તેનો ખ્યાલ પણ તમને આવી ગયો હશે. મોટી સંખ્યામાં સમુદાય સાથે બેઠક યોજવાનો આ સમય છે. વંચિત જૂથો સાથે તમે સંપર્કો સ્થાપ્યા જ છે તેથી, એ બાબતની કાળજી રાખો કે તેઓ આ બેઠક વિશે જાણે, બેઠકમાં આવે અને તેમની સમસ્યાઓ તથા તેમનાં મંતવ્યો તેમાં રજૂ કરે. તમે એવા વિકાસલક્ષી કાર્યકર બની રહ્યા છો કે જે વંચિતો વિશે વિશેષ નિસ્બત ધરાવે છે. તમે તેમના પ્રવક્તા નથી. તમે તેમને તેમનાં મંતવ્યો વ્યક્ત કરવા માટે હિંમત આપવાનો પ્રયત્ન કરી રહ્યા છો.

જે પ્રશ્નો ઉપસ્થિત થયા છે એમની સમીક્ષા કરવાનો આ સમય છે. ખાસ કરીને સામાન્ય સમસ્યાઓ અને વંચિતોની વિશિષ્ટ સમસ્યાઓની સમીક્ષા કરવાની છે. તમે એવાં અન્ય ગામોની કહાણીઓ અને દૃશ્ય-શ્રાવ્ય ફિલ્મો જેવી સામગ્રીઓ રજૂ કરી શકો છો કે જેમણે એવા જ પ્રકારની સમસ્યાઓનો સામનો કર્યો હોય અને સંતોષકારક રીતે એ સમસ્યાઓ ઉકેલી હોય. સામાન્ય રીતે એવું જણાયું છે કે આવાં સફળ ગામોની વાત વિગતવાર જાણવાની લોકોની ઉત્સુકતા આનાથી વધે છે. કોઠા નં.૨ અને કોઠા નં.૩માં વિવિધ પરિસ્થિતિઓમાં સમુદાયની બેઠકો કેવી રીતે હાથ ધરવી જોઈએ તેનાં બે ઉદાહરણો આપવામાં આવ્યાં છે.

**પગલું: ૭**

અધિકારિતાની પ્રક્રિયામાં શૈક્ષણિક મુલાકાતો અને પ્રવાસ એક મહત્ત્વનો તબક્કો છે. બીજા ગામના સમુદાયે તેમના જેવી જ સમસ્યાનો ઉકેલ કેવી રીતે આણ્યો એ ગ્રામવાસીઓ જાતે જ જોઈ શકે છે. તેઓ જ ગામનાં સ્ત્રીઓ, પુરુષો, નેતાઓ, પ્રભાવી જૂથો અને વંચિત જૂથો પાસેથી એ જાણે કે વિકાસથી તેમને કેવી રીતે લાભ થયો.

તમે આવી મુલાકાતે જનારા જૂથને સાથ આપી શકો છો. ફરી એક વાર, તમે તેમને તેમના ગામમાં એવી જ સમસ્યાઓના એવા જ ઉકેલો લાવવા માટે જણાવવાનું અને હંકારવાનું ટાળો. તમારે તો શક્ય તેટલા વધારે પ્રમાણમાં તેઓ શીખે તે માટે સુલભકર્તા જ બનવાનું છે. માત્ર શું થયું છે તે અગત્યનું નથી, પણ કેવી રીતે એ થયું છે એ વધારે અગત્યનું છે અને તે તેઓ શીખે એ જોવાનું છે. દા.ત.:

- કાર્યની શરતો નક્કી કરવા માટે વાટાઘાટો કરવાની જવાબદારી કોણે ઉઠાવી?
- જો યોજના હેઠળ ફાળાની રકમની જરૂર હોય તો તે રકમ કેવી રીતે નક્કી થઈ અને તે કેવી રીતે ભેગી કરવામાં આવી?
- કામ કરવા માટે જૂથોની રચના કેવી રીતે થઈ, સામગ્રી કેવી રીતે ભેગી કરાઈ અને ડિઝાઈન કેવી રીતે મંજૂર કરાઈ?
- હિસાબો કોણે રાખ્યા અને ઓડિટ કોણે કર્યું?
- ગુણવત્તાની ચકાસણી કોણે કરી?

નિભાવ અને કામગીરી, ખર્ચ, ફી અને ઉઘરાણી વગેરે જેવા મહત્ત્વના મુદ્દાઓ વિશે પણ મુલાકાતી જૂથને શીખવા દો. આ કામ કદી પણ સરળ નથી. કોઈ પણ મુદ્દા વિશે વિરોધી સૂર ઊઠે કે અસંમતિનો અવાજ ઊઠે તો તેને સંભાળી લેવા માટેની જવાબદારી કોઈ એક મુખ્ય જૂથ ઉઠાવે તે જરૂરી છે. જે શિક્ષાર્થી જૂથ છે તેણે તેના પોતાના ગામમાં જ આ બધું કરવાનું છે અને તે સફળ ગામના અનુભવોમાંથી આ બધું શીખી શકે છે અને તેમનો લાભ મેળવી શકે છે. તેમને પ્રશ્નો પૂછવા માટે પ્રોત્સાહન આપો અને જેઓ ભણેલા છે તેમને નોંધો કરવા માટે પ્રોત્સાહિત કરો.

**પગલું: ૮**

તમે સ્થાનિક જૂથો સાથે ગામમાં પાછા આવો છો. પોતાના જ ગામમાં વિકાસની એવી જ પ્રવૃત્તિઓ હાથ ધરવા માટેની શક્યતાઓ અંગે લોકોમાં ઉત્તેજના છે.

આ મુલાકાત દરમ્યાન સમુદાયના તમામ સભ્યો સાથે બેઠક યોજો. એ બાબતની ખાસ કાળજી રાખો કે જેમણે શૈક્ષણિક પ્રવાસમાં ભાગ

## કોઠા નં.૩: સહભાગી સિંચાઈ સંચાલનનું ઉદાહરણ

તમે સિંચાઈ માટેની નહેરની મુલાકાત લીધી છે. તમે અનેક ખેડૂતોને મળ્યા છો અને સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન (પીઆરએ) દ્વારા જળ વહન અને જળ વિતરણની વિવિધ સમસ્યાઓ કઈ કઈ છે તે વિશે શીખ્યા છો. સિંચાઈ વ્યવસ્થાથી અસરગ્રસ્ત એવા ખેડૂતો સાથે તમે બેઠક યોજો છો કે જેમની વંચિતતા વિશે તમે જાણો છો. પરંતુ તમારે ખૂબ જ સાવધાનીથી આગળ વધવાનું છે.

સરકારની સહભાગી સિંચાઈ સંચાલન યોજનાનો તમે ઉલ્લેખ પણ ના કરો. ચાર્ટ પેપરનો ઉપયોગ કરીને ગ્રામવાસીઓ સમગ્ર નહેર વ્યવસ્થા દોરે અને તેમની સમસ્યાઓ દર્શાવે તે માટે તેમને પ્રોત્સાહિત કરો. તમને ફરી એક વાર લાલચ થાય છે કે તમે તેમને એમ જણાવો કે સહભાગી સિંચાઈ સંચાલન વ્યવસ્થા હેઠળ સરકાર તેમને નહેરની ખામીઓ દૂર કરવા ૮૦ ટકા ભંડોળ એ શરતે આપે કે જો તેઓ ફાળો આપે. એવું ન કરો. એવું કરવું અત્યારે વહેલું છે. ખેડૂતોએ હજુ પણ ખર્ચ અને લાભના સંદર્ભમાં તેમની સમસ્યાઓનું વિશ્લેષણ કર્યું નથી કે પછી સંભવિત ઉકેલોના સંદર્ભમાં પણ વિચાર્યું નથી.

એક વાર તેઓ નહેરની વ્યવસ્થાની સમસ્યાઓ ઓળખી કાઢે પછી તેમને એ પૂછો કે કઈ સમસ્યાઓ સૌથી વધુ મહત્ત્વની છે અને અમુક વિસ્તારમાં જમીન ધરાવતા લોકો કે ખેડૂતોને તેમની અસર થાય છે કે નહિ. એવો જવાબ મળી શકે કે તેમને પૂરતું પાણી મળતું નથી. પછી પૂછો કે તેનું પરિણામ શું આવે છે? જવાબ મળશે કે ઉત્પાદન ઓછું થાય છે. કેટલું ઓછું? કહેશે કે હેક્ટર દીઠ ૨૦૦ કિ.ગ્રા. જેટલું ઓછું. પૈસાની રીતે તેનો શો અર્થ થાય?

કદાચ એક હેક્ટરદીઠ રૂ. ૨૦૦૦. નહેરની વ્યવસ્થાના વિવિધ ભાગોમાં ખામી હોવાને લીધે જે નાણાકીય નુકસાન થાય છે તે શોધો. તમને જણાશે કે દર વર્ષે રૂ. ૨ લાખનું નુકસાન થાય છે. મનોમન તમે ગણતરી કરશો તો તમને ખબર પડશે કે જો એ ખામીઓ સુધારાશે તો આગામી ૫ વર્ષના ગાળા દરમ્યાન રૂ. ૧૦ લાખની વધારાની આવક થશે. આ એક ખૂબ જ યોગ્ય રોકાણ હશે. પણ થોભો, અને આ ગણતરી તમારા મનમાં જ રાખો. હવે, તમે એમ કહો કે તમે એવાં ગામો જાણો છો કે જેમણે આ સમસ્યાનો સામનો સંતોષકારક રીતે કર્યો છે. શું તેમને એ ગામોની મુલાકાતે જવાનું ગમશે? તમે જણાવો કે વિકાસલક્ષી સંસ્થા પાસે તમારી શૈક્ષણિક મુલાકાતના ખર્ચ માટે થોડા પૈસા છે અને થોડા પૈસા સ્થાનિક જૂથો ફાળા તરીકે આપે. મજબૂત વિકાસને પ્રોત્સાહન આપવા માટે સુલભકર્તા સંસ્થા માટે આ સૌથી યોગ્ય ખર્ચ હશે.

લીધો હતો તેઓ ખાસ હાજર રહે. તેમને સમગ્ર સમુદાય સમક્ષ તેમના વિચારો અને અનુભવો કહેવા દો. તમારી ધારણા હશે તેના કરતાં પણ વધારે પ્રમાણમાં તેઓ સ્પષ્ટ હશે. ગામમાં આ એક મનન અને મંથનની ક્ષણ હશે. હવે આ સમય છે કે જ્યારે વધારે કાળજીપૂર્વક અને ધીમી છતાં મક્કમ ગતિએ ઉકેલો તરફ આગળ વધાય. તમારા ઉકેલો અને તમારી યોજનાઓ નહિ, પણ તેમના પોતાના ઉકેલો અને તેમની પોતાની યોજનાઓ.

તેમને હવે તેમણે પોતે જે જોયું છે તેમાંથી જે પદાર્થપાઠ મેળવ્યા છે તે પોતાની રીતે લાગુ પાડીને સમસ્યાઓના ઉકેલો શોધવાનું ગમશે. તેઓ તમારી પાસે સલાહ માગે એમ બને. બીજા ગામમાં તેમણે જે જોયું છે તે પ્રમાણે તેમના પોતાના ગામમાં તેમને એ જ યોજના અને નાણાં પ્રાપ્ય છે ખરાં?

હવે તમે તેમને એવી માહિતી આપી શકો છો કે તમારી યોજના કઈ છે અને ગામના સમુદાય પાસેથી તમે કઈ ભૂમિકા અને શી જવાબદારીઓની અપેક્ષા રાખો છો. હવે તમે તેઓ જે સમસ્યાનો સામનો કરી રહ્યા છે તેના ખર્ચ વિશે તમે જે માહિતી ભેગી કરી હતી તેને યાદ કરી શકો છો - જેમ કે નહેરના અવિશ્વસનીય પાણી પુરવઠાને લીધે ઉત્પાદનમાં થતા નુકસાનનું ખર્ચ. તમે હવે આ નાણાકીય નુકસાનની તુલના તમારા મનમાં જે યોજના છે તેના અમલ માટે ગ્રામવાસીઓ પાસેથી જે નાના ફાળાની જરૂર છે તેની સાથે કરી શકો છો.

**પગલું: ૯**

જો આ પ્રક્રિયા આયોજન મુજબ આગળ વધે અને ગામ એ યોજનામાં આગળ વધવાનું પસંદ કરે તો વિકાસલક્ષી સંસ્થા ખુશનસીબ ગણાય. તેઓ કદાચ એમ ન પણ કરે. કેટલાક કિસ્સામાં એ આર્થિક, સામાજિક અને રાજકીય સમસ્યાઓને લીધે પણ થાય. સમગ્ર દરખાસ્ત વધુ સફળ કિસ્સાઓ વધારે સાનુકૂળ વાતાવરણ ઊભું કરે ત્યાં સુધી પડતી મૂકવી પડે કે પછી મુલતવી રાખવી પડે એમ પણ બને. પણ જો એ યોજનાનો અમલ કરવા માટેનો સમુદાયનો પ્રતિભાવ હકારાત્મક હોય તો, તમે ગ્રામીણ સમુદાયે કઈ કઈ જવાબદારીઓ ઉઠાવવાની છે એની શરતોની રૂપરેખા બાંધી શકો છો. જેમ કે,

- તાલીમ કાર્યક્રમોમાં હાજરી આપવી.
- યોજનાઓ તૈયાર કરવી અને તેમની મંજૂરી મેળવવી.
- યોજનાઓનો અમલ કરવો.
- હિસાબો જાળવવા.
- દસ્તાવેજો જાળવવા.
- પછીથી સ્વખર્ચે એ વ્યવસ્થાને જાળવવી.

તેમને એ વાતની યાદ અપાવો કે તેમણે જ માળખાં અને સવલતોના ઉપયોગ અને નિભાવ માટે નિયમિતપણે ફાળો આપવાનો રહેશે. હવે એ યોગ્ય સમય છે કે સારી વ્યવસ્થા ના હોય તો જે નુકસાન જાય છે અથવા જે તકો ગુમાવવામાં આવે છે એ સંદર્ભમાં જે ખર્ચ થાય છે તેની તેમને યાદ અપાવવી. યોગ્ય નિભાવ અને સંચાલન ટકાઉ વિકાસ માટે મહત્ત્વનાં છે.

**પગલુંઃ ૧૦**

આ તબક્કે તમે સમુદાય પોતે પોતાની યોજના વિકસાવે, તેનો અમલ કરે અને તેનું સંચાલન કરે તે માટે તેને સંગઠિત કરવાના નાના-મોટા મુદ્દાઓમાં સામેલ થાવ છો. જો આ પ્રક્રિયા બરાબર ચાલે તો વિકાસલક્ષી કાર્યકર તરીકે તમને એ બાબતે ઉત્તેજના થશે કે તમારી મહત્ત્વની ભૂમિકા લગભગ પૂરી થઈ ગઈ છે. ગ્રામ સમુદાય ખૂબ ઝડપથી આગળ વધવા અને વિકાસ માટેની જવાબદારી સ્વીકારવા તૈયાર છે. તમારે તો યોગ્ય રીતે કામ ગોઠવાય અને તેનો અમલ થાય ત્યાં સુધી માત્ર તકનિકી, વહીવટી અને નાણાકીય ટેકો જ પૂરો પાડવાનો છે. પછીથી તમને એ વાતનો સંતોષ હોવો જોઈએ કે સમુદાયે તેની પોતાની કારોબારી સમિતિ અને અન્ય સમિતિઓ યોજનાની કાળજી લેવા અને તેનું કાર્યક્ષમતા, સમતા અને ચિરંતનતા સાથે સંચાલન કરવા માટે રચી લીધી છે. વિકાસલક્ષી સંસ્થાની ભૂમિકા ધીમે ધીમે પરંતુ નિર્ણાયક રીતે ઘટતી જાય છે. તે સંપૂર્ણપણે પાછી હટી ગઈ નથી. તેની સેવાઓ સમુદાયને જે નવી સમસ્યાઓ નડે અને નવી તકો ઉપલબ્ધ થાય તેને માટે હંમેશાં પ્રાપ્ય હોય છે જ.

**પગલુંઃ ૧૧**

આ પ્રક્રિયા દ્વારા મૂળ સંસ્થાકીય યોજના મજબૂત રીતે સમુદાયની યોજના બની જાય છે. જે બીજાઓ સમુદાયના અનુભવોમાંથી શીખવા માગે છે તેઓ આ ગામની મુલાકાતે આવી શકે છે. ગ્રામજનો ખૂબ ઉત્સાહપૂર્વક તેમણે તેમની યોજના કેવી રીતે વિકસાવી તે સમજાવવા માટે સક્ષમ હોવા જોઈએ. અને એ રીતે તેઓ બીજાઓમાં એવું જ કામ કરવા માટેનો વિશ્વાસ જગાવશે. હકીકતમાં, આવાં સફળ ગામોમાં સમુદાયના જે સભ્યો - સ્ત્રીઓ, પુરુષો, પરંપરાગત નેતાઓ અને નવા નેતાઓ - સામેલ થયા હોય તે બધા હવે નિષ્ણાત બની શકે છે, પરિષદો, સભાઓ, કાર્યશાળાઓ અને પરિસંવાદોમાં માર્ગદર્શન આપી શકે છે. તેઓ ગૌરવપૂર્વક તેમની સિદ્ધિઓ રજૂ કરી શકે છે. આનાથી વધુ મોટું પરિણામ કોઈ સુલભકર્તા સંસ્થા શું અપેક્ષી શકે?

## આખરી પગલુંઃ લોભ નહિ પણ લાભ દ્વારા અધિકારિતા

ભારતીય ભાષામાં 'લોભ દ્વારા નહિ પણ લાભ દ્વારા'નો અર્થ એ છે કે સબસિડીની લાલચ નહિ પણ વિકાસનો લાભ લોકોને શક્તિમાન બનાવે છે. વિકાસનો આ આખરી તબક્કો છે. તેમાં આત્મવિશ્વાસના નિર્માણનું લગભગ નિદર્શન થાય છે. તેમને ખબર પડે છે કે વિકાસના ખર્ચ કરતાં વિકાસના લાભ વધારે છે. જો કે, સરકાર કે અન્ય દાતાઓ દ્વારા ખર્ચ વેંઢારવામાં આવે ત્યાં સુધી વૃદ્ધિ ઉપર નિયંત્રણો અને મર્યાદાઓ રહે છે. સ્થાનિક સામુદાયિક જૂથો અને સ્થાનિક સમુદાયના લોકો ખૂબ જ લાભ થવાનો હોય તેમ છતાં પણ તે રકમનો ફાળો ના આપી શકે તેમ બને.

તેઓ નવીનતમ વિચારોનો પ્રયોગ ન કરી શકે કે એમને વિશે ન વિચારી શકે એમ બને. સ્થાનિક જૂથો કે સાહસિક વ્યક્તિઓ પોતાના ખર્ચે નવીનતમ વિચારો વિશે હંમેશાં પ્રયોગો કરે, અને તેમાં પોતાની જે કોઈ બચત હોય તે તેમાં નાખે. પરંતુ તેમાંથી બહુ ઓછા વધારાના લાભ થઈ શકે.

સબસિડી-આધારિત વિકાસનો અવરોધ તોડવા માટે સામુદાયિક જૂથો અને સાહસિક વ્યક્તિઓએ માત્ર એક જ શરતે મોટા ગતિશીલ ભંડોળની પ્રાપ્તિની જરૂરિયાત પિછાણવાની રહે છે. તે શરત એ છે કે વધારાની આવક એટલી વધારે તો હોવી જ જોઈએ કે જેથી વ્યાજ સાથે લોનના હપતાની પુનર્ચુકવણી કરી શકાય. એટલે કે એ ધિરાણ-આધારિત રોકાણ હશે. એ એક એવો માર્ગ છે કે જે સ્થાનિક રીતે પસંદગી પામેલા યોગ્ય વિકાસના માર્ગને ખુલ્લો કરશે કે જેને માટે જૂથો અને વ્યક્તિઓ જવાબદારીઓ અને જોખમો ઉઠાવવા હંમેશાં તૈયાર છે.

સ્થાનિક વિકાસ માટે સાથે કામ કરવાનો તેમનો સફળ અનુભવ એ તેમની સામાજિક મૂડી છે, તેથી એવાં સામુદાયિક જૂથો માટે સંગઠિત સ્રોતોમાંથી ભંડોળ મેળવવાનું વાજબી શરતોએ શક્ય બનવું જોઈએ કે જે જૂથોએ સ્થાનિક કાર્યક્રમો સંતોષજનક રીતે વિકસાવ્યા હોય અને તેમનું સંચાલન કર્યું હોય અને વિકાસનો પથ નક્કી કર્યો હોય તેમ જ વિકાસની સંપૂર્ણ સંભાવનાઓ પૂર્ણ રીતે ચરિતાર્થ કરવા માટે પૂરતા શક્તિમાન બન્યા હોય. વિકાસલક્ષી કાર્યકર તરીકે, તમારી છેલ્લી ભૂમિકા પ્રબુદ્ધ ધિરાણ સંસ્થા મેળવી આપવાનું આખરી પગલું ભરવાની અને સ્થાનિક જૂથો તેમની પ્રથમ લોન મેળવવા માટેની શરતો વિશે વાટાઘાટો કરે તે માટેનો માર્ગ મોકળો કરી આપવાની છે કે જેથી બંને પક્ષોએ વાજબી એવી શરતોએ સોદો થાય. જો તમે પ્રથમ દોરમાં સફળ થશો તો તમારે કદાચ બીજા કે તે પછીના દોરની જરૂર નહિ પડે. તમારા ભાગીદાર પૂરતા શક્તિમાન બની ગયા છે અને એ માટે પુખ્ત બની ગયા છે.

વેબસાસાઈટઃ www.dscindia.org

# પછાત પ્રદેશ અનુદાન ભંડોળ

ભારત સરકારે દેશના પછાત પ્રદેશોના માળખાગત વિકાસ માટે પછાત પ્રદેશ અનુદાન ભંડોળ (બેકવર્ડ રિજિયન્સ ગ્રાંટ ફંડ - બીઆરજીએફ)ની સ્થાપના કરી છે. આ પ્રદેશોના વિકાસ માટેનું આ ભંડોળ કેવી રીતે વાપરવું જોઈએ તથા તેમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે તેને વિશેની માહિતી આપતો આ લેખ પંચાયતી રાજ મંત્રાલયની માર્ગરેખાઓને આધારે **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.

## પ્રસ્તાવના

ભારતમાં ૧૯૫૧થી પંચવર્ષીય યોજનાઓની શરૂઆત થઈ. અત્યાર સુધીમાં ૧૦ પંચવર્ષીય યોજનાઓ પૂરી થઈ. તેમ છતાં પ્રાદેશિક અસંતુલન નિવારવાનો આયોજનનો હેતુ પાર પડ્યો નથી. સમગ્ર દેશમાં વ્યાપક પછાતપણાની વચ્ચે વિકાસના કેટલાક ટાપુઓ ઊભા થયા છે. એટલે કે થોડાક પ્રદેશોનો વિકાસ થયો છે અને બાકીના પ્રદેશો મોટે ભાગે પછાત રહી ગયા છે. દરેક પંચવર્ષીય યોજનામાં અને એ યોજનાને આધારે તૈયાર કરવામાં આવતી દરેક વાર્ષિક યોજનામાં પછાત પ્રદેશોના વિકાસ ઉપર વિશેષ ધ્યાન આપવાની પ્રતિબદ્ધતા સતત કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વ્યક્ત કરતી રહી છે. પરંતુ ખાસ કરીને આદિવાસી વિસ્તારોનો વિકાસ જોઈએ તેટલા પ્રમાણમાં થયો નથી.

રાજ્ય સરકારોએ પછાત વિસ્તારો ઓળખી કાઢવા માટેની કવાયત વારંવાર કરી છે. આવા ઓળખી કઢાયેલા પછાત વિસ્તારોના વિકાસ માટેની યોજનાઓ પણ ઘડી છે. તેમ છતાં તેમનો વિકાસ થયો નથી. જેમ કે, ગુજરાતમાં ૧૯૮૦ના દાયકામાં આઈ. જી. પટેલ સમિતિ દ્વારા જે તાલુકાઓને પછાત ગણવામાં આવ્યા હતા તે જ તાલુકાઓને ૨૦૦૫માં વી. આર. એસ. કૌલગી સમિતિ દ્વારા ફરીથી પછાત ગણવામાં આવ્યા છે. આનો અર્થ એ થયો કે વિકાસ વિશેની તમામ મથામણ છતાં પણ પછાત વિસ્તારો પછાત રહ્યા છે.

કેન્દ્ર સરકારે આવા પછાત વિસ્તારોના વિકાસ માટે ૨૦૦૬-૦૭થી પછાત પ્રદેશ અનુદાન ભંડોળની રચના કરી છે. અને આ ભંડોળ ૨૦૦૭-૧૨ની ૧૧મી પંચવર્ષીય યોજનાના સમગ્ર ગાળા દરમ્યાન પ્રાપ્ય બને તે પણ નક્કી કર્યું છે. નોંધપાત્ર બાબત એ છે કે આ ભંડોળના વપરાશ માટેનું આયોજન અને અમલ કરવાનું કામ સ્થાનિક સ્તરે પંચાયતો અને પાલિકાઓ કરે તે માટે માર્ગરેખાઓ ઘડી કાઢવામાં આવી છે. ૧૯૯૨માં ૭૩મા અને ૭૪મા બંધારણ સુધારા પંચાયતો અને પાલિકાઓને ત્રીજા સ્તરની સરકાર બનાવવા માટે કરવામાં આવ્યા ત્યારે અનુસૂચિ નં.૧૧માં અને અનુસૂચિ નં.૧૨માં અનુક્રમે પંચાયતોએ કરવાનાં અને પાલિકાઓએ કરવાનાં ૨૯ અને ૧૮ કામોની યાદી આપવામાં આવી. આજે પણ આ કામો પંચાયતો અને પાલિકાઓ સ્વતંત્રપણે કરી શકતી નથી. પછાત પ્રદેશ અનુદાન ભંડોળ એમ ઈચ્છે છે કે પંચાયતો અને પાલિકાઓ આપમેળે આ ભંડોળનો ઉપયોગ કરીને તેમની પોતાની પ્રાથમિકતાઓ અનુસાર વિકાસ કરે.

## હેતુઓ

ભારતમાં વિકાસમાં જે પ્રાદેશિક અસંતુલન દેખાય છે તે દૂર કરવા માટે પછાત પ્રદેશ અનુદાન ભંડોળ ઊભું કરવામાં આવ્યું છે. અત્યારે જે નાણાકીય સંસાધનો પ્રાપ્ય છે તે ઉપરાંત આ ભંડોળમાંથી નાણાકીય સંસાધનો પ્રાપ્ત કરાવવામાં આવશે. તે નિશ્ચિત જિલ્લાઓમાં પ્રાપ્ય બનશે. આ ભંડોળના હેતુઓ નીચે મુજબ છેઃ

૧. અત્યારે જ્યાં સ્થાનિક માળખાગત સવલતો માટે અને વિકાસની અન્ય જરૂરિયાતો માટે પૂરતા પ્રમાણમાં નાણાં પ્રાપ્ત ન થતાં હોય ત્યાં તેની ખાઈ પૂરવી.

૨. આ માટે પંચાયતો અને પાલિકાઓના સ્તરે શાસનની વ્યવસ્થા મજબૂત કરવી કે જેને પરિણામે ક્ષમતા નિર્માણ થાય, સહભાગી આયોજન અને નિર્ણય પ્રક્રિયા તથા અમલ અને દેખરેખ માટેની કામગીરી આગળ ધપે અને સ્થાનિક જરૂરિયાતોનું પ્રતિબિંબ તેમાં પડે.

૩. તેમની યોજનાઓનાં આયોજન, અમલ અને દેખરેખ માટે સ્થાનિક સંસ્થાઓને વ્યવસાયી ટેકો પૂરો પાડવો.

૪. પંચાયતોને જે મહત્ત્વનાં કામો સોંપવામાં આવ્યાં છે તે કામો વધારે સારી રીતે તેઓ કરી શકે અને સેવાઓનો પુરવઠો વધારે સારી રીતે પૂરો પાડી શકે તે માટે પ્રયત્ન કરવો. સ્થાનિક સ્તરે ક્ષમતાના અભાવને લીધે કાર્યક્ષમતામાં તથા સમતામાં જે હાનિ પહોંચે છે તે દૂર કરવા માટે પ્રયત્ન કરવો.

## મૂળભૂત લક્ષણો

પછાત પ્રદેશ અનુદાન ભંડોળનાં મૂળભૂત લક્ષણો નીચે મુજબ છેઃ

## પછાત પ્રદેશ અનુદાન ભંડોળનો અમલઃ ગુજરાત અને રાજસ્થાન

ગુજરાત અને રાજસ્થાનમાં નીચેના જિલ્લાઓમાં આ ભંડોળનો અમલ કરવામાં આવી રહ્યો છેઃ

| ગુજરાત | રાજસ્થાન | |
|---|---|---|
| ૧. બનાસકાંઠા | ૧. બાંસવાડા | ૭. ઝાલાવાડ |
| ૨. ડાંગ | ૨. બાડમેર | ૮. કારોલી |
| ૩. દાહોદ | ૩. ચિત્તોડગઢ | ૯. સવાઈ માધોપુર |
| ૪. નર્મદા | ૪. ડુંગરપુર | ૧૦. સિરોહી |
| ૫. પંચમહાલ | ૫. જેસલમેર | ૧૧. ટોંક |
| ૬. સાબરકાંઠા | ૬. જાલોર | ૧૨. ઉદયપુર |

૧. બંધારણના ભાગ-૯માં જે રાજ્યો અને જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમને પછાત પ્રદેશ અનુદાન ભંડોળની માર્ગરેખાઓ લાગુ પડે છે.
૨. દરેક જિલ્લાએ પોતાના પછાતપણાનો નિદાનલક્ષી અભ્યાસ કરવાનો છે. તે માટે તે વ્યવસાયગત ટેકો પ્રાપ્ત કરી શકે છે. તેને આધારે તેણે સંકલિત વિકાસની શરૂઆત કરવાની છે. આ બાબતમાં મૂળભૂત સર્વેક્ષણની તૈયારીનો સમાવેશ થઈ જાય છે. ૧૧મી પંચવર્ષીય યોજનાના દરેક વર્ષ માટે અને સમગ્ર યોજનાના સમયગાળા માટે જિલ્લાની યોજના તૈયાર કરવાની છે. આ યોજના સહભાગી રીતે તૈયાર કરવામાં આવે.
૩. બંધારણની કલમ-૨૪૩જી અનુસાર ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતે કાર્યક્રમના અમલનું કામ કરવાનું છે.
૪. બંધારણની કલમ-૨૪૩ડબલ્યુ અને કલમ-૨૪૩ઝેડડી અનુસાર પાલિકાઓએ પણ શહેરી વિસ્તારોમાં આયોજન અને અમલનું કામ કરવાનું છે.
૫. આયોજનમાં સ્થાનિક બાબતોને પ્રાથમિકતા આપવાનો સિદ્ધાંત અપનાવવામાં આવશે. ગ્રામ વિસ્તારોમાં ગ્રામ સભા અને વોર્ડ સભા તથા શહેરી વિસ્તારોમાં વિસ્તાર સભા અને વોર્ડ સમિતિઓ દ્વારા લોકોની સહભાગિતા દ્વારા કાર્યક્રમોનો અમલ કરવામાં આવશે.
૬. દરેક પંચાયત અને દરેક પાલિકામાં જે સહભાગી યોજનાઓ તૈયાર કરવામાં આવશે તેમાં નીચેની બાબતોને આવરી લેવામાં આવશેઃ
   (૧) રાજ્યની યોજનામાં ક્ષેત્રીય અને જિલ્લા આયોજન.
   (૨) કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓઃ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી કાર્યક્રમ, સર્વ શિક્ષા અભિયાન, મધ્યાહ્ન ભોજન યોજના, પેયજળ મિશન, સંપૂર્ણ સફાઈ ઝુંબેશ, રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન, સંકલિત બાળ વિકાસ સેવાઓ અને રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશન.
   (૩) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી કાર્યક્રમ હેઠળ આવતું ભંડોળ.
   (૪) કેન્દ્રીય નાણાં પંચ અને રાજ્ય નાણાં પંચની ભલામણો અનુસાર પ્રાપ્ત થતું શરતી અને બિન-શરતી ભંડોળ.
   (૫) ભારત નિર્માણ કાર્યક્રમ હેઠળ પ્રાપ્ત થતું ભંડોળ.

## નીચેથી ઉપર તરફનું આયોજન

**ગ્રામ પંચાયતની યોજના**

૧. ગ્રામ સભામાં જે પ્રાથમિકતાઓ નક્કી કરવામાં આવે તેને આધારે ગ્રામ પંચાયત તેની યોજનાને આખરી સ્વરૂપ આપે.
૨. ગ્રામ પંચાયત તે પછી તાલુકા પંચાયતને તેનાં સૂચનો મોકલી આપે.
૩. ગ્રામ પંચાયત સ્તરે જે પરિયોજનાઓ અને જે પ્રવૃત્તિઓનો અમલ કરવામાં આવી શકે તેમનો સમાવેશ ગ્રામ પંચાયતની યોજનામાં કરવામાં આવે.
૪. ગ્રામ પંચાયતની યોજનામાં સમુદાયનો ફાળો કેટલો હશે તેનો અંદાજ પણ મૂકવામાં આવે.

**તાલુકા પંચાયતની યોજના**

૧. તાલુકા પંચાયત ગ્રામ પંચાયતો પાસેથી મળેલાં સૂચનોને આધારે પોતાની યોજના તૈયાર કરે.
૨. તેમાં તે પોતાની પ્રાથમિકતાઓ પણ ઉમેરે.
૩. જે પરિયોજનાઓ અને પ્રવૃત્તિઓનો અમલ તાલુકા પંચાયત સ્તરે કરી શકાય તેમ હોય તેમનો સમાવેશ તાલુકા પંચાયતની યોજનામાં કરવામાં આવે.

**જિલ્લા યોજના**

૧. ગ્રામ પંચાયતની યોજનાઓ, તાલુકા પંચાયતની યોજનાઓ અને જિલ્લા પંચાયતની યોજનાઓને આધારે જિલ્લા આયોજન સમિતિ જિલ્લા માટેની જિલ્લા યોજનાને આખરી ઓપ આપશે.

આ જ પ્રકારની કવાયત શહેરી સ્થાનિક સરકારો દ્વારા પણ હાથ ધરાવી જોઈએ. દરેક પાલિકાએ તેનાં પોતાનાં સૂચનો જિલ્લા યોજના માટે મોકલવાનાં છે.

## જિલ્લા યોજના

જિલ્લા યોજનાનો મુસદ્દો તૈયાર કરવામાં નીચેની બાબતોને ધ્યાનમાં લેવી રહેશેઃ

૧. દરેક સ્થાનિક સરકાર વિશે જે કંઈ માહિતી પ્રાપ્ત થતી હોય તે ભેગી કરવી જોઈએ.
૨. રાજ્ય સરકારની સંસ્થાઓ, ખાતાં અને જિલ્લા સ્તરનાં આંકડાકીય સંગઠનો દ્વારા આ માહિતી પૂરી પડાવી જોઈએ.
૩. આ માહિતીને આધારે જિલ્લા દ્વારા ૧૦થી ૧૫ વર્ષની એક ભાવિ યોજના તૈયાર કરવી જોઈએ અને દરેક સ્થાનિક સરકાર માટે પણ તેવી યોજના તૈયાર કરવી જોઈએ.
૪. આ યોજના તૈયાર કરવાનું કામ સહભાગી આકારણી દ્વારા થવું જોઈએ.
૫. જિલ્લા આયોજન સમિતિ આ યોજના તૈયાર કરવા માટે સ્થાનિક સરકારો અને અન્ય મહત્ત્વના હિતધારકો સાથે વિચાર-વિમર્શ કરે અને પછી યોજનાને આખરી સ્વરૂપ આપે.
૬. આ દસ્તાવેજમાં પછાતપણા માટેનાં કારણો અને વિકાસની ખામી તથા વિકાસ આડેના અવરોધો દર્શાવવામાં આવે.
૭. આ બાબતોમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએઃ
    ૧. ખેતી અને સંબંધિત ક્ષેત્રો.
    ૨. જળ સંસાધનોની પ્રાપ્યતા અને વિકાસ.
    ૩. પરંપરાગત ઉદ્યોગો અને અન્ન પ્રક્રિયા સહિતના લઘુ ઉદ્યોગો.
    ૪. વીજળી સહિત માળખાગત સવલતો.
    ૫. પીવાનું પાણી અને સફાઈ.
    ૬. સાક્ષરતા અને શાળેય શિક્ષણ.
    ૭. આરોગ્ય અને તબીબી સવલતો.
    ૮. ગરીબીમાં ઘટાડો અને પાયાની જરૂરિયાતો.
    ૯. મહિલાઓ અને બાળકો.
    ૧૦. સામાજિક ન્યાયઃ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વગેરે.

### ભંડોળની રકમ

પછાત પ્રદેશ અનુદાન ભંડોળની રકમ વિશેની વિગતો નીચે મુજબ છેઃ

૧. પછાત પ્રદેશ અનુદાન ભંડોળમાં ક્ષમતાવર્ધન માટે દર વર્ષે રૂ. ૨૫૦ કરોડ પ્રાપ્ય બનશે. આ રકમ આયોજન, અમલ, દેખરેખ, હિસાબી વ્યવસ્થા અને ઉત્તરદાયિત્વ તથા પારદર્શિતા ઊભી કરવા માટે ખર્ચવામાં આવશે.
૨. ૨૦૦૬-૦૭ માટે રૂ. ૩૫૦૦ કરોડની બિન-શરતી ગ્રાંટ ફાળવવામાં આવી હતી. ૧૧મી પંચવર્ષીય યોજનાના પાંચ વર્ષના ગાળા માટેની ગ્રાંટની રકમ નિર્ધારિત કરવામાં આવશે.
૩. દરેક જિલ્લાને દર વર્ષે ઓછામાં ઓછી રૂ. ૧૦ કરોડની રકમ પ્રાપ્ત થશે.
૪. આ યોજના હેઠળ ૫૦ રકમ તમામ પછાત જિલ્લાઓની કુલ વસ્તીમાં જે તે જિલ્લાની વસ્તીને આધારે નક્કી કરવામાં આવશે.
૫. બાકીની ૫૦ ટકા રકમ તમામ પછાત જિલ્લાઓના કુલ વિસ્તારમાં જે તે જિલ્લાના વિસ્તારને આધારે નક્કી કરવામાં આવશે.
૬. દરેક રાજ્યે દરેક પંચાયત અને પાલિકાને કેટલું ભંડોળ ફાળવવામાં આવે તેની ફોર્મ્યુલા કરવાની રહેશે.
૭. આ ફોર્મ્યુલામાં બે બાબતોને ધ્યાનમાં રાખવાની રહેશેઃ (અ) જિલ્લામાં જે તે પંચાયત અને પાલિકાનો હિસ્સો. (આ) દરેક શ્રેણી માટે જે ફાળવણી કરવામાં આવી હોય તેમાં જે તે પાલિકા કે પંચાયતનો હિસ્સો.

### સહભાગી આયોજન

ગ્રામ પંચાયત સ્તરે સહભાગી આયોજન થાય તે માટે આ ભંડોળમાં વિશિષ્ટ જોગવાઈઓ કરવામાં આવી છે. લોકોની સહભાગિતા હોય તો જ કોઈ પણ યોજના સફળ થાય એવા અનુભવને આધારે આ ભંડોળમાં આ જોગવાઈ કરવામાં આવી છે. ગ્રામ પંચાયત સ્તરે ગ્રામ સભા અસરકારક રીતે કામ કરવી જોઈએ. ગ્રામ પંચાયતમાં રહેનારા

## જિલ્લા યોજનાનાં નાણાકીય સ્રોતો

જિલ્લા યોજનામાં સ્થાનિક સરકારનો જે ભાગ છે તેને માટે જે નાણાંની જરૂર છે તે નીચેનાં સ્રોતોમાંથી આવશેઃ

૧. વિકાસ માટે પ્રાપ્ય સ્વભંડોળ.
૨. વિકાસના હેતુ માટે રાજ્ય નાણાં પંચ દ્વારા કરવામાં આવેલી ભલામણ અનુસાર થતી તબદીલી.
૩. રાજ્ય સરકાર દ્વારા તબદીલ થતું બારમા નાણાં પંચનું અનુદાન.
૪. સ્થાનિક આયોજન માટે આપવામાં આવતું બિન-શરતી અનુદાન.
૫. સ્થાનિક સંસ્થાઓને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓનો અમલ સોંપવામાં આવેલો હોય તો તેને માટે આવતું અનુદાન.
૬. સ્થાનિક સરકારોએ રાજ્યની જે યોજનાઓનો અમલ કરવાનો હોય તે યોજનાઓ માટે રાજ્ય દ્વારા આપવામાં આવતું અનુદાન.
૭. સ્થાનિક સરકારોને જે વિદેશી ટેકાવાળી યોજનાઓનો અમલ કરવાનો હોય તેને માટે આપવામાં આવતું અનુદાન.
૮. સમુદાય દ્વારા જે ફાળો આવવાનો હોય તે.

## અમલ માટેનું તંત્ર

૧. બંધારણના ભાગ-૯ અને ભાગ-૯એ અનુસાર રચવામાં આવેલી જિલ્લા આયોજન સમિતિઓ, પંચાયતો અને પાલિકાઓ આ કાર્યક્રમના સંચાલનનું કામ કરશે. તેને માટે કોઈ જ વિશેષ સંસ્થાઓ, સંચાલનની સમિતિઓ, મંડળીઓ વગેરેની રચના પંચાયત સ્તરે કે પાલિકા સ્તરે કરવામાં આવશે નહિ.

૨. કાર્યક્રમ ઉપર નિરીક્ષણ, સંચાલન અને દેખરેખ માટે વિશેષ ધ્યાન આપવા પંચાયતો અને પાલિકાઓમાં સ્થાયી સમિતિઓની રચના કરવામાં આવશે.

૩. પંચાયત અને પાલિકા સ્તરે કામોનો અમલ થાય તે માટે રાજ્ય સરકારે નીચેનાં પગલાં ભરવાનાં રહેશેઃ

(અ) પંચાયતો અને પાલિકાઓએ અમલ કરવાનો છે. જે પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે તેમનો અમલ થાય.

(બ) તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયત જો નિર્ધારિત નાણાકીય મર્યાદામાં કામને મંજૂરી આપે તો તે નાણાંની તબદીલી તેણે ગ્રામ પંચાયતને કરવાની છે કે જેથી ગ્રામ પંચાયત તેનો અમલ કરી શકે.

(ક) જો પંચાયતો અને પાલિકાઓના વિસ્તારની બહાર કામો કરવાનાં હોય તો જિલ્લા આયોજન સમિતિ અમલ કરનારાં ખાતાં કે સંસ્થા વિશે નિર્ણય કરી શકે પણ તેમાં પણ પંચાયતોને નિરીક્ષણ અને દેખરેખ માટે સ્પષ્ટ સત્તાઓ આપવાની રહે છે.

તમામ લોકો ગ્રામ સભાની બેઠકોમાં હાજર રહેવા જોઈએ. અનેક રાજ્યોએ ગ્રામ સભાથી પણ નીચલા સ્તરે વોર્ડ સભા અને મહિલા સભા જેવી વ્યવસ્થાઓ ઊભી કરી છે કે જેથી ગ્રામ સભામાં તમામ વર્ગોનું પ્રતિનિધિત્વ ઊભું થાય. તેમ છતાં ગ્રામ સભામાં હાજરી ખૂબ જ ઓછી હોય છે અને ખાસ કરીને વંચિત વર્ગોની હાજરી તો ખૂબ જ ઓછી હોય છે. તેથી ગ્રામ સભામાં સહભાગિતા વધે તે માટે નીચેનાં પગલાં લેવાવાં જોઈએઃ

(૧) પંચાયત દ્વારા ગ્રામ સભાની બેઠકોની તારીખ અગાઉથી નક્કી થાય.

(૨) બેઠકની નોટિસ છાપવામાં આવે, વહેંચવામાં આવે અને યોગ્ય જાહેર સ્થળોએ તે દર્શાવવામાં આવે. તેમાં ગ્રામ સભા અને વોર્ડ સભાની જવાબદારી યોજનાઓ ઘડવામાં શી છે તે દર્શાવવામાં આવે.

(૩) વોર્ડ સભા અને ગ્રામ સભામાં હાજરી વધે તે માટે સ્વ-સહાય જૂથોનો સંપર્ક કરવામાં આવે.

(૪) આંગણવાડીઓ, શાળાઓ, સહકારી મંડળીઓ, ગ્રંથાલયો, બિન-સરકારી સંગઠનો વગેરે દ્વારા ગ્રામ સભા અને વોર્ડ સભાની માહિતી આપવામાં આવે.

(૫) એન.સી.સી., એન.એસ.એસ., નેહરુ યુવક કેન્દ્ર વગેરે દ્વારા કોલેજોના વિદ્યાર્થીઓ મારફતે ઝુંબેશ ચલાવવામાં આવે.

(૬) વોર્ડના સભ્યો દ્વારા દરેક ઘરની મુલાકાત લઈને તેમને પ્રોત્સાહિત કરવામાં આવે.

(૭) દરેક વોર્ડ સભા માટે એક પુરુષ અને એક મહિલા સંયોજકની નિમણૂક ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવે. આ સંયોજકોને તાલુકા સ્તરે અને પાલિકા સ્તરે વિશેષ તાલીમ આપવામાં આવે.

(૮) ગ્રામ સભા અને વોર્ડ સભા માટે યોગ્ય માળખું ઘડાય અને તેમાં નાનાં નાનાં જૂથોમાં ચર્ચા થાય તે જોવામાં આવે.

(૯) આ બેઠકોની હાજરી, યોજના અને ઠરાવો વિશેની વિગતોના દસ્તાવેજ યોગ્ય રીતે જાળવવામાં આવે.

(૧૦) ગ્રામ પંચાયત સ્તરની યોજના બનાવતી વખતે ગ્રામ પંચાયતે નીચે મુજબના મુદ્દાઓને ધ્યાનમાં લેવા જોઈએઃ (ક) કરવેરા, લોકફાળો અને વપરાશી ફી દ્વારા સ્થાનિક સ્તરે સંસાધનો ભેગાં કરવા માટેનો પ્રયાસ. (ખ) સેસ, દેવું, બીઓટી વગેરે દ્વારા નાણાં ભેગાં કરવા માટેનો પ્રયાસ. (ગ) સ્થાનિક દાતાઓ, કંપનીઓ, બિન-નિવાસી ભારતીયો અને બિન-સરકારી સંગઠનો પાસેથી ભંડોળની પ્રાપ્તિ માટેના પ્રયાસો.

(૧૧) દરેક ગ્રામ પંચાયતને તેની પોતાની જરૂરિયાત અનુસાર સંસાધનોની ફાળવણી કરવા માટેની સ્વતંત્રતા હોવી જોઈએ. આ સંસાધનો શક્ય તેટલી શ્રેષ્ઠ રીતે વપરાય તેનો પણ પ્રયાસ પંચાયતોએ કરવો જોઈએ. એક વાર પંચાયત સ્તરે જરૂરિયાતો નક્કી થઈ જાય પછી દરેક જરૂરિયાત માટે કેવી રીતે નાણાં પ્રાપ્ત થશે તે નક્કી કરવામાં આવે.

(૧૨) ગ્રામ પંચાયતે પણ પંચવર્ષીય યોજના તૈયાર કરવાની છે અને તેમાંથી દરેક વર્ષની વાર્ષિક યોજનાઓ તૈયાર કરવાની છે.

## ઉપસંહાર

પછાત પ્રદેશ અનુદાન ભંડોળ આ રીતે સ્થાનિક સરકારોને આયોજનની પ્રક્રિયામાં સામેલ કરવા ઈચ્છે છે. મોટા ભાગની રાજ્ય સરકારો પંચાયતો અને પાલિકાઓને તેમની યોજનાઓની અમલ કરનારી સંસ્થાઓ તરીકે હજુ પણ જુવે છે ત્યારે આ ભંડોળના અમલ માટે જિલ્લા આયોજન સમિતિઓ રચાય અને તે સક્રિય બને તે આવશ્યક છે. પંચાયતો અને પાલિકાઓએ આ સમિતિઓ અંગે વધારે જાગૃત બનવાની અને રાજ્ય સરકારોને તેમની નિદ્રામાંથી જગાડવાની આવશ્યકતા છે.

# રોજગારી અને શિક્ષણ: સામાજિક અન્વેષણ

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનાનો અમલ અને ગામ સ્તરે શિક્ષણ માટેની વ્યવસ્થા તથા તેમાં પંચાયતોની ભાગીદારી વિશે 'ઉન્નતિ' દ્વારા સામાજિક અન્વેષણ હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રક્રિયાથી જે કંઈ જાણકારી પ્રાપ્ત થઈ અને તેનાં જે પરિણામો આવ્યાં તેની માહિતી અહીં આપવામાં આવી છે. આ લેખ સામાજિક અન્વેષણ કોઈ પણ સામાજિક વિકાસની યોજના માટે કેટલું અને કેવી રીતે જરૂરી છે તે સમજાવે છે.

## રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના

'ઉન્નતિ' દ્વારા ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના વિભિન્ન તાલુકાઓના નાગરિક નેતાઓની તાલીમ જ્યારે જ્યારે યોજવામાં આવી ત્યારે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનાના અમલ વિશે અને અન્ય વિકાસલક્ષી બાબતો વિશેના મુદ્દાઓ ઉપસ્થિત થતા રહ્યા હતા. તેને પરિણામે આ યોજનામાં સામાજિક અન્વેષણ કરવા માટેની જે જોગવાઈ છે તેનો ઉપયોગ કરવાનું વિચારવામાં આવ્યું. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનાના અમલના સંદર્ભે વિવિધ હિતધારકોને વિવિધ સ્તરે જે મુસીબતોનો સામનો કરવો પડે છે તેની ચર્ચા થાય અને પ્રશ્નોનો ઉકેલ આવે તે હેતુથી ખેડબ્રહ્મા અને મોડાસા તાલુકામાં તાલુકા સ્તરે નાગરિક નેતાઓની તાલુકા નિરીક્ષણ સમિતિની રચના કરવામાં આવી.



*દંતરાલ ગ્રામ પંચાયતની ગ્રામ સભામાં એક નાગરિક સવાલ ઉઠાવી રહ્યા છે.*

ખેડબ્રહ્મા તાલુકાની પાંચ ગ્રામ પંચાયતોમાં સામાજિક અન્વેષણ હાથ ધરવામાં આવ્યું હતું. તેમાં નીચેનાં પગલાંનો સમાવેશ થાય છેઃ

(૧) રાજ્ય, જિલ્લા અને તાલુકા સ્તરના સરકારી અધિકારીઓને સામાજિક અન્વેષણનો હેતુ સમજાવાયો અને તેમાં જે પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તેને વિશેની જાણકારી પણ આપવામાં આવી હતી.

(૨) ગ્રામ પંચાયત જો રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનાની પ્રગતિના અન્વેષણ માટે ગ્રામ સભા બોલાવે તો તે તેની પ્રક્રિયા માટે જવાબદાર બને છે તેથી આ પ્રક્રિયા થાય તેને માટે સરપંચ અને પંચાયતના સભ્યોને તે વિશે જાગૃત કરવામાં આવ્યા.

(૩) યોજનાના અમલ વિશે સંપૂર્ણ માહિતી ભેગી કરવામાં આવી અને તાલુકા સ્તરે તેની ચકાસણી કરવામાં આવી.

(૪) સામાજિક અન્વેષણ જે દિવસે યોજવાનું હતું તેની તારીખથી ૭ દિવસ અગાઉ તેની લોકોને જાણ કરવામાં આવી.

(૫) સરપંચ પોતે ગ્રામ સભાનો એજન્ડા નક્કી કરે તે બાબત ઉપર અમે વિશેષ ધ્યાન આપ્યું.

(૬) નાગરિક નેતાઓ સાથે અને યોજનામાં રોજગારી મેળવતા કામદારો સાથે બેઠકો યોજી અને ફળિયા બેઠકો યોજીને યોજનાના અમલ વિશેની જોગવાઈઓ અંગે લોકોને માહિતી આપી. સામાજિક અન્વેષણનું મહત્ત્વ પણ તેમને સમજાવવામાં આવ્યું.

(૭) યોજનાની પ્રગતિ અંગેની માહિતી પંચાયતની બહાર અને સાર્વજનિક સ્થળોએ પણ દર્શાવવામાં આવી. તેનાથી લોકોમાં જાગૃતિ વધી.

(૮) ગ્રામ સભા મળે તે પહેલાં ઘેરઘેર ફરીને હાજરી પત્રકની ચકાસણી પણ કરવામાં આવી.

(૯) સરપંચ ગ્રામ સભાની બેઠકના અધ્યક્ષ બન્યા અને કેટલાક નાગરિકોએ જ બેઠકનું સંચાલન કર્યું.

(૧૦) તલાટીએ યોજનાના અમલ વિશેની વિગતો પૂરી પાડી.

(૧૧) દરેક ટુકડીમાં કોણે મજૂર તરીકે કામ કર્યું, કઈ તારીખે કામ કર્યું, કેટલા દિવસો કામ કર્યું અને તેમને કેટલું વેતન ચૂકવવામાં આવ્યું તેને વિશેની વિગતો પણ જાહેર કરવામાં આવી.

(૧૨) જ્યારે ગ્રામ સભા મળી ત્યારે તે સ્થળે જ એક સૂચના પેટી પણ રાખવામાં આવી હતી કે જેથી જે લોકો ગ્રામ સભામાં બોલી ન શકે તેઓ તેમના પ્રશ્નો લેખિત સ્વરૂપે રજૂ કરે.

યોજનાના અમલની સમીક્ષા માટે જ્યારે ગ્રામ સભા મળી ત્યારે નાગરિકોએ અનેક મુદ્દાઓ ઉઠાવ્યા. સૂચના પેટીમાં જે લેખિત પ્રશ્નો આવ્યા હતા તેના જવાબો પણ આપવામાં આવ્યા. સરપંચ, તલાટી અને કાર્યક્રમ અધિકારીએ તેના જવાબો આપ્યા. અધિક જિલ્લા કાર્યક્રમ સંયોજક, તાલુકા વિકાસ અધિકારી અને રાજ્ય પરિયોજના સંયોજક પણ આ પ્રસંગે હાજર હતા અને તેમણે પણ ગ્રામ સભાને સંબોધન કર્યું. વેતન, પરિવારની વ્યાખ્યા, કામના સ્થળે જરૂરી સવલતો, દેખરેખ સમિતિના સભ્યો, તકેદારી સમિતિના સભ્યો, મહિલાઓની સમસ્યાઓ વગેરે વિશે ઘણા સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. કેટલીક સમસ્યાના ઉકેલો આ ગ્રામ સભામાં જ આવી ગયા.

## શિક્ષણ

અમદાવાદ જિલ્લાના દસક્રોઈ અને ધોળકા તાલુકાના નાગરિક નેતાઓની અભિમુખતા માટે ઘણા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. તેમાં પંચાયતોના પ્રતિનિધિઓ અને ગ્રામ શિક્ષણ સમિતિઓના સભ્યોની પણ હાજરી રહી હતી. શિક્ષણના પ્રશ્નો વિશે ધીમે ધીમે લોકો જાગૃત થતા જતા હતા. તેમનો ઈરાદો એ હતો કે તેમનાં ગામોમાં શિક્ષણની પરિસ્થિતિ સુધરે. તેથી તેઓ શિક્ષણ વિશે કંઈક સક્રિયપણે કરવા માગતા હતા. સામાજિક અન્વેષણ હાથ ધરાય તે પહેલાં નીચેની પ્રક્રિયા કરવામાં આવી હતીઃ

(૧) સર્વ શિક્ષા અભિયાન અંગેની માહિતી દરેક જણ જોઈ શકે તે રીતે શાળામાં મૂકવામાં આવી.
(૨) શિક્ષકો પોતે જવાબદાર બને અને સમયસર આવે અને જાય તે માટે તેમની સહીઓ પણ જાહેરમાં રજૂ કરવામાં આવી.
(૩) શાળામાં છોકરા-છોકરીઓની હાજરી અંગેની માહિતી સાતેસાત ધોરણ માટે રજૂ કરવામાં આવી. જે બાળકો અનિયમિત હતાં તેમની સામે પગલાં ભરાય અને તેઓ શાળામાંથી બહાર ન નીકળી જાય તે માટે શી વ્યવસ્થા કરવી જોઈએ તેની પણ ચર્ચા કરવામાં આવી.

દસક્રોઈ તાલુકાની ત્રણ અને ધોળકા તાલુકાની બે ગ્રામ પંચાયતોમાં ગ્રામ સભા દ્વારા સામાજિક અન્વેષણ થાય તે માટે થયેલી પ્રક્રિયા નીચે મુજબ છેઃ

(૧) શાળાના આચાર્ય, શિક્ષકો, પંચાયતના સભ્યો, સરપંચ, ગ્રામ શિક્ષણ સમિતિના સભ્યો અને નાગરિકો સાથે સામાજિક અન્વેષણ વિશે અને તેના મહત્ત્વ વિશે ચર્ચા કરવામાં આવી.
(૨) સરપંચને ગ્રામ સભા બોલાવવા માટે અને તેમાં સામાજિક અન્વેષણનું કાર્ય થાય તે માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા.
(૩) નાગરિક નેતાઓની ત્રણ ટુકડીઓ પાડવામાં આવી. દરેક ટુકડીને શિક્ષણ વિશે જુદી જુદી માહિતી ભેગી કરવાનું અને તેને વિશેના સવાલો ઊભા કરવાનું કામ સોંપવામાં આવ્યું. મધ્યાહ્ન ભોજન યોજનાનો અમલ, સર્વ શિક્ષા અભિયાન હેઠળ છોકરીઓને પુસ્તકો આપવામાં આવ્યાં છે કે નહિ તેની માહિતી, ગેરહાજર રહેતાં બાળકોની યાદીની જાહેરાત વગેરે બાબતો વિશે ખાસ કાળજી લેવામાં આવી. એક ટુકડીએ શાળાના દરેક વર્ગની મુલાકાત લીધી અને શિક્ષકો કેવી રીતે શિક્ષણ કાર્ય કરે છે તેની પણ ચકાસણી કરી. તેમણે બાળકો તેમના અભ્યાસક્રમનાં પુસ્તકોમાંથી કશું વાંચી કે લખી શકે છે કે નહિ તેની પણ તપાસ કરી.



*શાળાના આચાર્ય ગ્રામ સભામાં શાળાનો અહેવાલ રજૂ કરી રહ્યા છે.*

(૪) ઉપરોક્ત તપાસોના અહેવાલો તથા શાળાના આચાર્યે તૈયાર કરેલો શાળાનો વાર્ષિક અહેવાલ પણ ગ્રામ સભામાં વાંચવામાં આવ્યા.
(૫) લોકોએ અનેક સવાલો ઉઠાવ્યા અને ચર્ચાને અંતે તેમનો ઉકેલ લાવવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો.

## ઉપસંહાર

સામાજિક અન્વેષણ માટેની ગ્રામ સભાની બેઠકો આ રીતે જાગૃતિ ઊભી કરનારી અને શિક્ષણની પ્રક્રિયા બની ગઈ. ગ્રામ પંચાયતે પોતે જવાબદારી ઉઠાવવી જોઈએ એવું તેનાથી પ્રસ્થાપિત થયું. ગ્રામ પંચાયત અને તેના પદાધિકારીઓ કોઈ પણ યોજનાના અમલ અંગે આત્મવિશ્વાસુ બને અને નાગરિક નેતાઓ વધારે સક્ષમ બને તથા યોજનાની માર્ગરેખાઓનો યોગ્ય રીતે અમલ થાય તે આ સામાજિક અન્વેષણનો હેતુ હતો. શિક્ષણ ક્ષેત્રે પણ ગ્રામ શિક્ષણ સમિતિઓ, પંચાયતો અને નાગરિક નેતાઓ સક્રિય બને તો શાળેય શિક્ષણ વધુ પારદર્શી અને ઉત્તરદાયી તથા અસરકારક બને એ પણ આ સામાજિક અન્વેષણથી સિદ્ધ થયું.

# આદિવાસીઓના જમીન પરના અધિકારોઃ 'સમતા' દ્વારા લડત

દેશના આદિવાસી વિસ્તારોમાં ખાણકામના પરવાના ખાનગી કંપનીઓને અપાવાથી આદિવાસીઓ જમીનવિહોણા થઈ રહ્યા છે અને તેઓ વિસ્થાપિત થઈ રહ્યા છે. આંધ્ર પ્રદેશમાં આવા વિસ્થાપનના કિસ્સામાં બિન-સરકારી સંગઠન 'સમતા' દ્વારા આદિવાસીઓને સંગઠિત કરીને જે લડત આપવામાં આવી અને અદાલતો સુધી આ લડતને વિસ્તારાઈ અને તેનું જે પરિણામ આવ્યું તેનું આલેખન આ લેખમાં 'સમતા'ના **શ્રી રવિ રેવ્વાપ્રગડા** દ્વારા કરવામાં આવ્યું છે.

## પ્રસ્તાવના

દેશમાં બંધારણ દ્વારા આદિવાસી વિસ્તારોની નિશ્ચિત વ્યાખ્યા બાંધવામાં આવી છે. બંધારણમાં ભાગ-૧૦માં કલમ-૨૪૪માં આદિવાસી વિસ્તારો માટે ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. આ કલમ અનુસાર બંધારણમાં બે અનુસૂચિઓ આપવામાં આવી છેઃ

(૧) અનુસૂચિ-૫ અનુસૂચિત વિસ્તારો અને અનુસૂચિત જનજાતિઓના વહીવટ અને નિયંત્રણ માટે છે. તે આસામ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમ સિવાયના આદિવાસી વિસ્તારોને લાગુ પડે છે.

(૨) અનુસૂચિ-૬ આસામ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમ રાજ્યોના આદિવાસી વિસ્તારોના વહીવટ માટેની જોગવાઈઓ કરે છે.

આ અનુસૂચિત વિસ્તારો કહેવાય છે અને દેશના આદિવાસીઓ કે જેમની વસ્તી લગભગ ૮ ટકા છે તેઓ આ વિસ્તારોમાં વસે છે.

૧૯૯૨માં આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટણમ જિલ્લાના અનંતગિરિ વિસ્તારના આદિવાસીઓએ 'સમતા'નો સંપર્ક કર્યો. તેમની સમસ્યા એ હતી કે તેઓને તેમની જમીનની માલિકીના હકો પ્રાપ્ત થતા નહોતા અને તેમની જમીન નાની ખાણકામ કંપનીઓએ પચાવી પાડી હતી અને તેઓ પોતાની જ જમીન પર મજૂરી કરતા હતા. આ વિસ્તારમાં માઈકા, લાઈમ સ્ટોન, કેલ્સાઈટ અને બોક્સાઈટની ખાણો છે. એક તરફ 'સમતા' દ્વારા આદિવાસીઓને તેમની જમીન મળે તે માટે લડત અપાતી હતી ત્યારે બીજી તરફ એ જ વિસ્તારમાં ખાણકામ માટે સરકાર ખાનગી કંપનીઓને જમીનો ભાડપટ્ટે આપતી હતી. 'સમતા'એ પછીથી કયા પ્રોજેક્ટ માટે જમીનો ભાડાપટ્ટે આપવામાં આવે છે તે અંગેની માહિતી લોકોને મળવી જોઈએ તેવી ઝુંબેશ શરૂ કરી. આમ, લડાઈ સ્થાનિક જમીનદારો સામે નહોતી, પણ રાજ્ય સામે હતી. 'સમતા' દ્વારા અને 'સમતા'ની મદદથી સ્થાનિક આદિવાસીઓ દ્વારા વડી અદાલતમાં અરજીઓ કરવામાં આવી અને વડી અદાલતે આ અરજીઓ રદ કરી નાખી. આંધ્ર પ્રદેશમાં જમીન તબદીલી ધારો છે કે જમીનની તબદીલી અંગે નિયમન કરે છે. ખાનગી કંપનીઓને જો જમીન ભાડપટે આપવામાં આવે તો તે આ કાયદાની જોગવાઈઓનો ભંગ કરે છે એવી 'સમતા'ની દલીલ વડી અદાલતે સ્વીકારી નહિ.

સંસ્થાએ પછી સર્વોચ્ચ અદાલતમાં અરજી કરી અને ૧૯૯૭ની ૧૧મી જુલાઈએ એવો ચુકાદો આપ્યો કે ખાનગી ઉદ્યોગો પણ 'બિન-આદિવાસી વ્યક્તિ' ગણાય અને તેથી આદિવાસી વિસ્તારોમાં જો ખાનગી ઉદ્યોગોને જમીનો ભાડાપટે અપાઈ હોય તો તે રદ થાય. ચાર વર્ષની કાનૂની લડાઈ પછી આ ચુકાદો આવ્યો હતો. આ ચુકાદો દેશના બંધારણની પાંચમી અનુસૂચિ હેઠળના તમામ વિસ્તારોને લાગુ પડે છે એમ પણ આ ચુકાદામાં જણાવાયું હતું. જે આદિવાસી સમુદાયોને યોગ્ય વળતર પ્રાપ્ત થયું નહિ અથવા જેમનું પુનર્વસન થયું નહિ તેઓ જમીન અને જંગલની ખોજમાં વિશાખાપટ્ટણમ જિલ્લામાંથી સ્થળાંતર પણ કરવા માંડ્યા. ખોંડ નામની આદિવાસી જાતિના લોકો ઊંચી ટેકરીઓ પર વસવા માટે ટેવાયેલા હતા. તેઓ જો હવે એવી જમીન પર રહે તો તેઓ દબાણ કરે છે એમ કહેવાય અને તેઓ કાયદાની નજરમાં ગુનેગારો ગણાય. દર વર્ષે જંગલ ખાતું તેમને હેરાન-પરેશાન કરે અને તેઓ બિન-ટકાઉ ખેતી કરીને જંગલને નુકસાન પહોંચાડે છે તેમ કહેવામાં આવે. તેમણે સતત તેમનું નિવાસ સ્થાન પણ બદલ્યા કરવું પડતું હતું. આ પરિસ્થિતિમાં તેઓ લડત આપે તે જરૂરી હતું.

## સર્વોચ્ચ અદાલતનો ચુકાદો

સર્વોચ્ચ અદાલતે આપેલા ચુકાદાના મહત્ત્વના મુદ્દા નીચે મુજબ છેઃ

(૧) ૧૯૯૨ના ૭૩મા બંધારણ સુધારા અનુસાર દરેક ગ્રામ સભાને આદિવાસી વિસ્તારોમાં આદિવાસીઓ જમીનથી અલગ ના પડે તે જોવાની સત્તા છે અને આદિવાસીઓની જમીન ગેરકાયદે લઈ લેવાય હોય તો તે તેમને પાછી મળે તે માટેનાં યોગ્ય પગલાં લેવાની પણ સત્તા છે.

(૨) આદિવાસીઓ પોતે જ વ્યક્તિગત રીતે અથવા તો સહકારી મંડળીઓ મારફતે ખનિજો કાઢે અને તેમાં તેમને રાજ્ય નાણાકીય મદદ કરે.

(૩) જે નફો પ્રાપ્ત થાય તેના ૨૦ ટકા જેટલી રકમ એક સ્થાયી ભંડોળમાં જમા થાય અને તે વનીકરણ તથા વનવિસ્તારના નિભાવ માટે વપરાય.
(૪) અનુસૂચિત વિસ્તારોમાં બિન-આદિવાસીઓ અને કંપનીઓને જમીન તબદીલ કરી શકાય નહિ.
(૫) તેથી જૂનો ભાડાપટ્ટો ફરી તાજો કરી શકાય નહિ કે નવો ભાડપટ્ટો આપી પણ શકાય નહિ.
(૬) બિન-આદિવાસીઓ, કંપનીઓ કે ભાગીદારી પેઢીઓ વગેરેને પણ ખાણકામ માટેનો ભાડાપટ્ટો આપી શકાય નહિ અથવા તેમને તે તબદીલ કરી શકાય નહિ. જો કે, ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ જેવી રાજ્યની સંસ્થાઓને આ પ્રતિબંધ લાગુ પડતો નથી.
(૭) સંપૂર્ણ પ્રતિબંધ જમીનોના ભાડાપટ્ટા માટે મૂકવા સચિવોની સમિતિ અને રાજ્યના પ્રધાનમંડળની પેટા સમિતિઓની રચના કરવી.
(૮) આ અંગે મુખ્ય પ્રધાનો, સંબંધિત કેન્દ્રીય મંત્રાલયોના પ્રધાનો અને વડા પ્રધાનની પરિષદે આદિવાસીઓની જમીનો અંગે નીતિવિષયક નિર્ણય લેવો.

**અદાલતી ચુકાદા સુધીની પ્રક્રિયા**

(૧) દેશના એક અંતરિયાળ વિસ્તારમાં સ્થાનિક સ્તરે કામ કરનારા સંગઠન માટે દેશની સૌથી મોટી અદાલત સમક્ષ ધા નાખવી અને તે પણ મોટાં ઔદ્યોગિક ગૃહો સામે લડત આપવી એ કોઈ નાનીસૂની બાબત નથી. તેની પાસે ત્યાં સુધી પહોંચવાનાં સંસાધનો પણ નથી અને તેને અંગેનું નિષ્ણાત જ્ઞાન પણ નથી. આ લડતમાં આ પ્રકારના અનેક અવરોધો હોય એ ખૂબ જ સ્વાભાવિક છે. સૌથી મહત્ત્વનો મુદ્દો એ હતો કે સરકારી તંત્ર દ્વારા બંધારણીય અધિકારનો જે ભંગ કરવામાં આવતો હતો તેની સામે આ લડત હતી. આ લડત આમ જુઓ તો ઔદ્યોગિક ગૃહો સામે નહોતી.
(૨) સંસ્થાએ વિકાસની નીતિ અંગે લડવાને બદલે આ સમગ્ર કેસને બંધારણીય અને કાનૂની મુદ્દો બનાવ્યો હતો. તેથી પર્યાવરણીય પ્રશ્નો, આદિવાસી સંસ્કૃતિ વગેરે જેવા સંવેદનશીલ મુદ્દાઓને સ્પર્શવામાં આવ્યા જ નહોતા. કારણ કે ન્યાયતંત્ર તેના ઉપર મોટે ભાગે ધ્યાન આપતું નથી. કારણ કે તે એમ પણ સમજે છે કે એ મુદ્દાઓ ન્યાયતંત્રના કાર્યક્ષેત્રની અંદર આવતા નથી. અનુસૂચિત વિસ્તારોમાં જમીનની તબદીલી કોઈ પણ ખાનગી ખાણકામ ઉદ્યોગને ન કરી શકાય અને જો તે તબદીલ કરવામાં આવે તો તે બંધારણીય જોગવાઈનો ભંગ કરે છે એ બાબત ઉપર જ આ કેસમાં ભાર મૂકવામાં આવ્યો હતો. કોઈક ખાનગી ઉદ્યોગ એ એક વ્યક્તિ ગણાય તે આદિવાસી વ્યક્તિ ન ગણાય એ સંસ્થાની દલીલનો મુખ્ય મુદ્દો બની રહ્યો હતો.
(૩) આંધ્ર પ્રદેશમાં જમીનની તબદીલી અંગેનો જે કાયદો છે તે કાયદો પોતે આપમેળે જ આદિવાસીઓની જમીનોનું રક્ષણ સ્પષ્ટ રીતે કરે છે. આ પ્રકારનો કાયદો અન્ય રાજ્યોમાં નથી. તેને પરિણામે પણ સંસ્થાને આદિવાસીઓની જમીનોના કાનૂની રક્ષણ માટે ટેકો પ્રાપ્ત થયો.
(૪) સંસ્થા દ્વારા જે લોક આંદોલન ચલાવવામાં આવ્યું તે માત્ર લાગણીશીલ મુદ્દાઓને આધારે નહિ પણ કાનૂની મુદ્દાઓને આધારે ચલાવવામાં આવ્યું. તેને પરિણામે રાજ્ય સરકાર કે પોલિસ માટે લોકો સામે કેસ કરવાનું મુશ્કેલ બની ગયું. લોકો સતત શાંતિમય વિરોધ કરતા રહ્યા અને કદી પણ તેમણે હિંસા આચરી નહિ. એક મુદ્દો એ ધ્યાનમાં રાખવો જોઈએ કે આ વિસ્તાર અંતિમવાદી હિંસાને લીધે વહીવટી રીતે અશાંત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલો છે. નક્સલવાદીઓ, બિન-આદિવાસી કોન્ટ્રેક્ટરો અને ખાનગી કંપનીઓ એ બધાની સામે લડવાની સાથે સાથે રાજ્યની શક્તિ સામે પણ લડવાનું હતું તેથી આ આંદોલન સંપૂર્ણપણે અહિંસક રીતે ચાલે તેની ખાસ કાળજી રાખવામાં આવી હતી.
(૫) આ વિસ્તાર ખૂબ જ અંતરિયાળ છે, માધ્યમોનું ધ્યાન ત્યાં જતું નથી, તેમ જ મોટે ભાગે બાહ્ય સંપર્કો ખૂબ જ ઓછા હોય તેવા પ્રકારની પરિસ્થિતિ પ્રવર્તતી હોવાને લીધે આ વિસ્તાર જાણે કે અલગાવ અનુભવનારો બની રહ્યો છે. તેથી જ રાજકીય ભય અનેક પ્રકારના હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. પરિણામે આ પર્વતીય વિસ્તારની બહારના નાગરિક સમાજ સાથે સતત સંપર્ક ઊભો કરવાનું આરંભથી જ નક્કી કરવામાં આવ્યું હતું. માધ્યમો, યુનિવર્સિટીઓ, કાનૂની નિષ્ણાતો, અન્ય નિષ્ણાતો, અમલદારો વગેરે સાથે પ્રારંભથી જ ઘનિષ્ઠ સંપર્કો ઊભા કરવામાં આવ્યા હતા. સતત પત્રકારોની મુલાકાતો આ વિસ્તારમાં યોજાય અને તેઓ તેમનાં માધ્યમોમાં આ પ્રશ્ન વિશે રજૂઆત કરે અને સરકારના વલણ વિશે પણ લખે કે અહેવાલ આપે તે બાબત ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.
(૬) વડી અદાલતે જ્યારે સ્ટે આપ્યો હતો ત્યારે એ સ્ટે ઉઠાવી લેવાય તે બાબતમાં કંપનીઓ સફળ રહી તે સમયગાળા દરમ્યાન સમુદાયોએ મજબૂત પ્રતિકાર કરવાનો પ્રયત્ન કર્યો હતો. ખાસ કરીને મહિલાઓએ આ સમયગાળા દરમ્યાન જે ખટારા તેમની જમીનોમાંથી પસાર થતા હતા તેમના ઉપર દેખરેખ રાખી હતી અને જે જમીનો ખાલી કરવા માટે હુકમો અપાયા હતા તે જમીનો ઉપર ઘર બાંધવાનું પણ ચાલુ રાખવામાં આવ્યું હતું. તેમણે આ ગાળા દરમ્યાન જાહેર સભાઓમાં જવાનું, પદયાત્રામાં

ભાગ લેવાનું, સરકારી ઓફિસોની મુલાકાત લેવાનું અને પત્રકારોની સાથે વાતચીત કરવાનું ચાલુ રાખ્યું હતું. જ્યારે આખરી ચુકાદો સર્વોચ્ચ અદાલતે આપ્યો ત્યારે ગિરિજન વિજયોત્સવમ્ મનાવવામાં આવ્યો અને તે પછી કોઈ પણ પ્રકારના ખાણકામની કામગીરી ત્યાં થવા દેવામાં આવી નહિ.

## જમીન અને પ્રાકૃતિક સંસાધનો ઉપરના અધિકારો

'સમતા'ની આ લડતમાં મુખ્ય પ્રશ્ન મહિલાઓના જમીન અને પ્રાકૃતિક સંસાધનો ઉપરના અધિકારોનો મુખ્ય મુદ્દો હતો. સામાન્ય રીતે મહિલાઓ જમીનો અને પ્રાકૃતિક સંસાધનો ઉપર કાનૂની અધિકારો ધરાવતી હોતી નથી. તેથી જ્યારે જમીનોનું સંપાદન જમીન સંપાદન ધારા હેઠળ કરવામાં આવે છે ત્યારે તેઓ તેમનો જીવનનિર્વાહ ગુમાવે છે. જમીન સંપાદન ધારો ખૂબ અત્યાચારી અને જરીપુરાણો છે.

તેમાં રાજ્યને કોઈ પણ જાહેર હેતુ માટે લોકોની જમીનો લઈ લેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. ખાણકામના કિસ્સામાં મોટે ભાગે એવું બને છે કે જ્યારે જમીનો ખાલી કરાવવા માટે બુલડોઝરો આવે છે ત્યારે જ લોકોને કોઈક વિકાસલક્ષી પરિયોજના શરૂ થઈ રહી છે તેનો ખ્યાલ આવે છે. ઘણી વાર તો જમીનો ખાલી કરાવવામાં આવતી હોય ત્યારે ખૂબ મોટા પ્રમાણમાં બળ વાપરવામાં આવે છે અને પોલીસને હાજર રાખવામાં આવે છે.

નિયમો મુજબ જાહેર સુનાવણીઓ યોજાય છે ખરી પરંતુ તે ખૂબ જ પક્ષપાતી હોય છે અને આડેધડ યોજવામાં આવતી હોય છે. સ્થાનિક વહીવટી તંત્ર કંપનીઓ સાથે ભળી ગયું હોય એવું લાગે છે. પરિયોજનાઓને મંજૂરી આપવાનું નક્કી જ હોય અને સાથે સાથે તેમની સામે કોઈ વાંધો રજૂ કરવાનું યોગ્ય છે જ નહિ એમ માની લેવાયું હોય એમ પણ આ સુનાવણીઓની કાર્યવાહીઓ ઉપરથી જણાઈ આવે છે. ઘણી વાર તો સરકારની મંજૂરીઓ મળ્યા વિના જ ખાણકામ કંપનીઓ ખાણકામ ચાલુ કરી દેતી હોય છે. ઉપરાંત, તેમની ખાણકામની કામગીરી તેમના ભાડા પટ્ટાના વિસ્તાર અને તેના સમયગાળા કરતાં પણ વધારે લંબાતી હોય છે. ખાણકામનો જાહેર હેતુ શું હોઈ શકે એ જ સમજવાનું આવશ્યક બની જાય છે. 'સમતા'ની ઉપરોક્ત લડતમાંથી આ પાયાના સવાલો ઊભા થાય છે એમ લાગે છે.

## ઉપસંહાર

દેશમાં આદિવાસીઓની ૮ ટકા વસ્તી હોવા છતાં તેમનો કોઈ દૃશ્યમાન અવાજ દેખાતો નથી કે પછી તેમની કોઈ રાજકીય તાકાત ઊભી થઈ નથી. અનામત અને વિધાયક ભેદભાવની નીતિઓએ તેમની આર્થિક પરિસ્થિતિ, સાક્ષરતા કે કૌશલ્યની પરિસ્થિતિમાં કોઈ નોંધપાત્ર પરિણામ આણ્યું હોય એવું પણ દેખાતું નથી. પરિણામે બાહ્ય સમાજો અને ખાસ કરીને મહાકાય કંપનીઓ દ્વારા તથા કાયદાનો અમલ કરનારા વહીવટદારો દ્વારા જે આક્રમણ તેમના ઉપર કરવામાં આવે છે તેનો સામનો કરવાની તાકાત પણ તેઓ ખૂબ જ ઓછી ધરાવે છે.

વિકાસલક્ષી પરિયોજનાઓને પરિણામે તેમનું વિસ્થાપન થાય તથા તેઓ જમીનો અને જીવનનિર્વાહ ગુમાવે એ તો તદ્દન સામાન્ય બાબત બની ગઈ છે. ઉપરાંત, વિકાસને માટે તો તેમણે આટલો ભોગ આપવો જ જોઈએ એમ પણ વારંવાર કહેવામાં આવે છે. આ સંદર્ભે સાથે જોઈએ તો 'સમતા'ની આ લડતને પરિણામે સર્વોચ્ચ અદાલતે જે ચુકાદો આપ્યો તે આદિવાસીઓના અધિકારો કાનૂની રીતે રક્ષી શકાય તેમ છે એવું આશાનું કિરણ જન્માવે છે. જે સંગઠનો આદિવાસીઓના ઉત્થાન માટે કામ કરે છે તેઓ અને આદિવાસીઓ ખુદ હવે આ ચુકાદાનો ઉપયોગ આવા જ પ્રશ્નો અંગે લડવા માટે કરી રહ્યા છે. એક બાબત એ ધ્યાનમાં લેવી જોઈએ કે તેને પરિણામે બંધારણની પાંચમી અનુસૂચિમાં જ ફેરફાર કરવા માટે કંપનીઓ સરકાર પર દબાણ લાવી રહી છે. આ હિલચાલનો જબરદસ્ત વિરોધ કરવાની આવશ્યકતા છે.

'પાંચમી અનુસૂચિના સુધારા સામે રાષ્ટ્રીય ઝુંબેશ' નામે એક નેટવર્ક પણ અસ્તિત્વમાં આવ્યું છે. આ નેટવર્ક એવાં સંગઠનોનું છે કે જે પાંચમી અનુસૂચિના વિસ્તારોમાં કામ કરે છે અને આદિવાસી સમુદાયો તથા તેમના ચૂંટાયેલા પ્રતિનિધિઓમાં આ અનુસૂચિ વિશે જાગૃતિ આવે એ માટે કામ કરી રહ્યાં છે. આદિવાસીઓના વર્તમાન અધિકારોનું આ ચુકાદાને પરિણામે રક્ષણ થાય એવી શક્યતાઓ ઊભી થઈ છે. આમ જુઓ તો આ ચુકાદાએ સરકારો અને નાગરિક સમાજ સામે મોટો પડકાર ફેંક્યો છે. જમીનો ઉપરના આદિવાસીઓના અધિકારોની કાયદેસરતા વિશે જ કોઈ મૂળભૂત સવાલો ઊભા થયા છે એવું નથી પણ સાથે સાથે વિકાસનો પાયો અને તેનું તત્ત્વ શું છે તેને વિશે પણ આ ચુકાદાએ મોટા સવાલો ઊભા કર્યા છે. દેશનાં પ્રાકૃતિક સંસાધનોની આકારણી અને ઉત્પાદન વિશેના આપણા ખ્યાલો અને સાથે સાથે તેને વિશેનાં માળખાં વિશેની આપણી વિભાવનાઓ પણ આ ચુકાદાને પરિણામે બદલાય એવી સંભાવના ઊભી થઈ છે. આપણા વિકાસ અને અર્થશાસ્ત્રની પર્યાવરણીય ચિરંતનતા અને વપરાશની પ્રાથમિકતા તથા તરાહ અને સામાજિક સંતુલન તથા આકાંક્ષાઓ વિશે ગંભીર ચિંતન કરવાની આવશ્યકતા છે એમ આ ચુકાદો જણાવે છે. રાજ્યની નીતિઓ અને રાજ્યનાં કાર્યો વચ્ચેનો તફાવત કેવી રીતે દૂર કરવો એ સૌથી મોટો પડકાર છે.

# સંદર્ભ સાહિત્ય

## ઉત્તર ગુજરાતના ભૂગર્ભ જળ વ્યવસ્થાપન માટે તાલીમ માર્ગદર્શિકા

બે ભાગમાં તૈયાર કરવામાં આવેલી આ માર્ગદર્શિકાનો મુખ્ય હેતુ ભૂગર્ભ જળ સંબંધિત સમસ્યાઓને પહોંચી વળવા માટે સ્થાનિક ક્ષમતાનું નિર્માણ કરવા માટેનો છે. આ માર્ગદર્શિકાના પ્રથમ વિભાગમાં 'ભૂગર્ભ જળ અને જમીન વ્યવસ્થાપન' તેને વિશેની સમજ, જમીન વ્યવસ્થાપનના વિકલ્પો જેવા મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં ફુવારા પદ્ધતિથી કરવામાં આવેલું પરિવર્તન, ટપક સિંચાઈ અને બાગાયત ખેતી, આધુનિક ખેતી વગેરે જેવા વિષયોને લઈને ૬ કેસ સ્ટડી પણ આપવામાં આવ્યા છે.

સજીવ ખેતી એટલે શું તે સમજાવવામાં આવ્યું છે અને સાથે સાથે અળસિયાનું ખાતર, પાકની ફેરબદલી અને બહેનોની ભાગીદારી જેવા વિષયો વિશે ચર્ચા કરવામાં આવી છે અને તેને પરિણામે કેવા ફાયદા થઈ શકે તેની પણ ચર્ચા કરવામાં આવી છે. તાલીમાર્થીઓ કઈ કઈ રમતો રમે કે જેથી આ અઘરા વિષય વિશે જ્ઞાન પ્રાપ્ત થઈ શકે તેની પણ સમજ આપવામાં આવી છે. પ્રથમ ભાગમાં ભૂગર્ભ જળ ઊંડાં જવાની આર્થિક, સામાજિક અને પર્યાવરણીય અસરો કેવી હોઈ શકે તે એક કેસ સ્ટડી સાથે સમજાવવામાં આવ્યું છે. સૂક્ષ્મ પિયત પદ્ધતિ અને તેમાં પણ સામૂહિક પિયત પદ્ધતિનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તેની સમજૂતી આપવામાં આવી છે.

માર્ગદર્શિકાના બીજા ભાગમાં તાલીમ એટલે શું, સહભાગી શિક્ષણ એટલે શું, પરંપરાગત તાલીમ અને સહભાગી તાલીમ વચ્ચેનો તફાવત, તાલીમમાં વપરાતાં દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો અને પદ્ધતિઓ, પ્રત્યાયન અને તે માટેની સામગ્રી, નેતાગીરી, હિમાયત, જાહેર હિમાયતની સુસંગતતા, બહેનોનું સમાજમાં સ્થાન વગેરે બાબતો વિશે વિગત વાર ચર્ચા કરવામાં આવી છે. પ્રથમ ભાગની જેમ જ બીજા ભાગમાં પણ કુલ છ વિભાગો છે અને અને આ વિભાગોમાં ચિત્રો અને ફોટાઓ સાથે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી છે.

આ માર્ગદર્શિકાની નોંધપાત્ર ખાસિયત એ છે કે સરળ ગુજરાતી ભાષામાં આ માર્ગદર્શિકા તૈયાર કરાઈ છે. આ માર્ગદર્શિકા ખેડૂતોને ખૂબ જ ઉપયોગી થાય તેમ છે. ભૂગર્ભ જળ સાથે સંબંધિત એવી સમસ્યાઓના ઉકેલ માટે ખેડૂત સમુદાય સાથેના સહકારમાં પરિયોજનાઓની રચના કરવા માટે અને અમલ કરવા માટે બિન-સરકારી સંગઠનો, વ્યાવસાયિક સંસ્થાઓ અને સમુદાય-આધારિત સંગઠનોને આ માર્ગદર્શિકા ખૂબ જ ઉપયોગી થઈ પડે તેમ છે.

લેખન અને સંકલનઃ અદિતિ દેસાઈ, પ્રવીણ પંડ્યા, સુભ્રા અલમૌલા, ફાલ્ગુની જોષી. પ્રકાશકઃ ઈન્ટરનેશનલ વોટર મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ, ફિલ્ડ ઓફિસ, આણંદ, ૨૦૦૭.

## વિકાસ મેં હમારે હમસફર

'સહભાગી શિક્ષણ કેન્દ્ર'ની સહયોગી સંસ્થાઓના વિશિષ્ટ પ્રયાસોનો આ એક હિન્દી દસ્તાવેજ છે. તેમાં સૌ પ્રથમ નાગરિક નેતા એટલે શું તે સમજાવવામાં આવ્યું છે. ખાસ કરીને, નાગરિક નેતા વિકાસના પ્રેરક છે અને તેઓ સમાજ નિર્માણ માટે મહત્ત્વની ભૂમિકા ભજવે છે અને સમુદાય તથા શાસન વચ્ચે કડીરૂપ બને છે તે બાબત તેમાં સમજાવવામાં આવી છે. વિવિધ યોજનાઓમાં તથા પંચાયતો અને ગ્રામ સભામાં કેવી રીતે નાગરિક સહભાગી બની શકે અને તેનાં કેવાં પરિણામો આવી શકે તે તેમાં સમજાવવામાં આવ્યું છે.

વિવિધ લેખકોએ જે વિષયોની ચર્ચા કરી છે તે નીચે મુજબ છેઃ

(૧) સામાજિક પરિવર્તનમાં નાગરિક નેતાઓની ભૂમિકા.
(૨) નાગરિક નેતાઓની વિકાસ પ્રેરક તરીકેની ભૂમિકા.
(૩) પંચાયત માહિતી કેન્દ્રના સંચાલક અને નાગરિક નેતાની ભૂમિકા.
(૪) વિકાસલક્ષી દરમ્યાનગીરીમાં નાગરિક નેતૃત્વ.
(૫) સામાજિક પરિવર્તનના વાહક તરીકે નાગરિક નેતા.
(૬) પંચાયતોમાં નાગરિક નેતાઓની ભૂમિકા.
(૭) નાગરિક નેતા વિશેનો ખ્યાલ.

ભારતીય સમાજમાં નાગરિક નેતાનો ખ્યાલ હંમેશાં સમાજના કેન્દ્રમાં રહ્યો છે. કારણ કે તેવા લોકો તમામ વર્ગોના સર્વમાન્ય નેતાઓ હોય છે. આ નેતાઓ સૌના સુખદુઃખમાં સામેલ થાય છે અને સૌની કાળજી લેતા હોય છે. આવા નેતાઓ જો વિકાસ માટે પ્રેરક ભૂમિકા ભજવે તો પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ ઊભાં થાય તથા શાસનને વધારે જવાબદાર બનાવી શકાય. સમાજનું નિર્માણ કરવામાં આવા નાગરિક નેતાઓ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. આ બાબત ધ્યાનમાં રાખીને આ પુસ્તિકામાં નાગરિક નેતાનો ખ્યાલ સ્પષ્ટ કરવામાં

આવ્યો છે અને સાથે સાથે આ અંગે સ્થાનિક સંસ્થાઓએ તથા બિન-સરકારી સંગઠનોએ સ્થાનિક નેતૃત્વને સફળ રીતે આગળ ધપાવવામાં જે પ્રયાસો કર્યા છે તેમનું આલેખન કરવામાં આવ્યું છે. નાગરિક નેતૃત્વ કેવી રીતે સ્થાનિક સ્તરે વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે તેના દાખલા આ પુસ્તિકામાંથી પ્રાપ્ત થાય છે અને તે અન્ય નાગરિક નેતાઓ માટે પ્રેરણાદાયક છે.

પ્રકાશકઃ સહભાગી શિક્ષણ કેન્દ્ર, સીતાપુર રોડ, લખનઉ-૨૨૭૨૦૮. ફોનઃ ૦૫૨૨-૨૭૩૪૮૮૮ ઈમેલઃ info@sahbhagi.org

## બાંધકામમાં પંચાયતની જવાબદારી

આ પુસ્તિકામાં ગ્રામ પંચાયત કોઈ પણ પ્રકારના બાંધકામમાં કેવી રીતે સામેલ થાય અને કેવા પ્રકારની કામગીરી કરવી જોઈએ તેને વિશેની સચિત્ર સમજૂતી આપવામાં આવી છે. તેમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છેઃ

(૧) સામૂહિક સંપત્તિના નિર્માણ માટે આયોજન.
(૨) આયોજનનાં સરળ પગથિયાં.
(૩) બાંધકામની કામગીરી કેવી રીતે થઈ શકે.
(૪) માલ-સામાનની ખરીદી અને ચકાસણી.
(૫) બાંધકામની પ્રક્રિયાનું નિરીક્ષણ.

ગ્રામ પંચાયત જાહેર બાંધકામ એટલે કે સામૂહિક ઉપયોગ માટેના બાંધકામની જવાબદારીમાં ગાઢ રીતે સંકળાયેલી હોય છે. તેથી જાહેર બાંધકામનું આયોજન, ગ્રામજનોની જરૂરિયાત મુજબ બાંધકામ, નાણાકીય સ્રોત, વહીવટી પ્રક્રિયા, બાંધકામ માટેની જગ્યાની પસંદગી, ટકાઉ અને મજબૂત બાંધકામ વગેરે બાબતો તેમાં મહત્ત્વની બને છે. આ પુસ્તિકામાં બાંધકામનો પ્રકાર અને તેનું ખર્ચ બાંધકામના નકશા, ગ્રામ પંચાયતમાં ટેન્ડરની પ્રક્રિયા, ટેન્ટરની નોટિસ, ટેન્ડર બહાર પાડવાની તૈયારી, કોન્ટ્રેક્ટર પાસેથી મેળવવાની વિગતો ટેન્ટર ભરવાનો સમય ગાળો, ટેન્ડર ખોલવાની પ્રક્રિયા, ટેન્ડરની સ્વીકૃતિ, ટેન્ડરની શરતો, ટેન્ડરના પ્રકાર, કોન્ટ્રેક્ટના પ્રકાર વગેરે વિશેની સમજૂતી સરળ ભાષામાં આપવામાં આવી છે.

કોઈ પણ બાંધકામ સમયે જુદી જુદી સામગ્રીની ખરીદી કરવાનું આવશ્યક બની જતું હોય છે. આ બાબતમાં ચાર મુદ્દા ધ્યાનમાં રાખવા જરૂરી છેઃ

(૧) માલસામાનની ગુણવત્તા.
(૨) માલસામાનનું પ્રમાણ.
(૩) માલસામાનની ભેળવણી.
(૪) માલસામાનની ગોઠવણી.

આ મુદ્દાઓના સંદર્ભમાં આ પુસ્તિકામાં લાકડું, પથ્થર, સિમેન્ટ, રેતી, કોંક્રિટ બ્લોક, કપચી, લાદી, મિજાગરા, ખીલા, સળિયા વગેરે કેવી રીતે બાંધકામમાં વાપરવા જોઈએ તેની સમજ આપવામાં આવી છે. કોઈ પણ જાહેર બાંધકામ સામૂહિક સંપત્તિ છે. એ જ રીતે એ બાંધકામમાં વાપરવામાં આવતી સામગ્રી પણ જાહેર સંપત્તિ છે. તેથી એ બંનેની કાળજી કેવી રીતે લેવી જોઈએ અને બાંધકામની પ્રક્રિયાનું નિરીક્ષણ કેવી રીતે કરવું જોઈએ અને પંચાયતની ભૂમિકા તેમાં શી હોવી જોઈએ તેને વિશેની સમજૂતી આ પુસ્તિકામાં આપવામાં આવી છે. ખાસ કરીને પંચાયતના સભ્યો, સરપંચ અને પંચાયતની સમિતિઓના સભ્યો માટે બાંધકામ અંગે આ પુસ્તિકા સંપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડે છે.

આ પુસ્તિકા 'ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન'ના સહયોગથી પ્રકાશિત કરવામાં આવી છે. પ્રકાશકઃ રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા, સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોનઃ ૦૭૯-૨૬૭૪૯૭૧૫.

## પંચાયત બતાવે સૂર, દબાણ થાય દૂર

આ એક ચિત્રવાર્તા છે. ઉલ્લાસ નામે એક ગામનાં સરપંચ તેજીબહેન કેવી રીતે ગૌચર અને અન્ય જાહેર જમીનો ઉપરનાં દબાણો દૂર કરે છે તેને વિશેની વાર્તા તેમાં આપવામાં આવી છે. ગ્રામ પંચાયતો માટે ગૌચર અથવા ગામની બીજી જાહેર જગ્યા ઉપર દબાણ એક જટિલ પ્રશ્ન છે. દબાણ હટાવવાની જવાબદારી ગ્રામ પંચાયતની છે. દબાણકાર બહારની વ્યક્તિ હોય, તો પંચાયતો માટે દબાણ હટાવવાનું થોડું સહેલું રહે છે કેમ કે ત્યારે તેમનાં સામાજિક અથવા રાજનૈતિક હિતોને જોખમ રહેતું નથી. તેનાથી તેમના સામાજિક સંબંધો ઉપર પણ અસર પડતી નથી. એટલે ઘણા દાખલાઓ એવા મળે છે જેમાં પંચાયતે બહારના દબાણકાર પાસે દબાણ હટાવડાવ્યું હોય.

દબાણ દૂર કરાવવા માટે પંચાયતે શું શું કરવું જોઈએ અને તેને માટે કેવા પ્રકારના દસ્તાવેજોની જરૂર છે તથા પંચાયતે તેને માટે કેવા પ્રકારની કાર્યવાહી કરવી જોઈએ તે વિશેની માહિતી પણ આ પુસ્તિકામાં આપવામાં આવી છે. ગુજરાત પંચાયત ધારા-૧૯૯૩ની જોગવાઈઓનો ઉપયોગ કેવી રીતે થઈ શકે અને પંચાયત, પોલિસ તથા અન્ય સત્તાવાળાઓની જવાબદારી કેવી રીતે અદા થઈ શકે તેને વિશેની માહિતી આ ચિત્રવાર્તામાં આપવામાં આવી છે.

પુસ્તિકામાં અંતે આ મુજબ સંદેશો આપવામાં આવ્યો છેઃ ગુજરાત ધારા ૧૯૯૩ની કલમ ૧૦૮ મુજબ રાજ્ય સરકાર પંચાયતને ગામની ખુલ્લી જગ્યા, પડતર જમીન, ગૌચર, રસ્તાઓ, પુલ, કૂવા, તળાવ,

ઝાડ વગેરે ગ્રામ પંચાયતને સોંપી શકે છે. એટલે ગામનાં સંસાધનો માટે ગ્રામ પંચાયત ટ્રસ્ટીની ભૂમિકા ભજવે છે તથા તેનું રક્ષણ અને વ્યવસ્થાપન કરે છે. માલિકી રાજ્ય સરકારની હોય છે અને તેઓ (કલેક્ટર) જાહેર હેતુ માટે, પંચાયતને સાંભળવાની તક આપ્યા પછી, જમીન પાછી લઈ શકે છે. પંચાયત દ્વારા કોઈ સુધારો કરાયો હોય તો જમીન સંપાદન ધારા - ૧૮૯૪ મુજબ તેનું વળતર ચૂકવી શકાય છે.

આ પુસ્તિકા 'ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન'ના સહયોગથી પ્રકાશિત કરવામાં આવી છે. પ્રકાશકઃ રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા, સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોનઃ ૦૭૯-૨૬૭૪૯૭૧૫.

## 'હરિયાળી'માં પંચાયતોની ભૂમિકા

૨૭ જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ તે વખતના વડા પ્રધાન દ્વારા આ યોજનાને ગ્રામ સ્તરે હરિયાળી લહેરાવવા માટેની મહત્ત્વની કામગીરી ગણવામાં આવી. સાથે સાથે આ યોજનાનાં આયોજન, અમલ અને સંચાલનની કામગીરી ગ્રામ સ્તરે પંચાયતોને સોંપવામાં આવી. દેશમાં પંચાયતોને સક્ષમ કરવાની પ્રક્રિયા અંતર્ગત આ સુધારાને મહત્ત્વનું સોપાન ગણવામાં આવ્યું છે. ગ્રામ પંચાયતોને આ યોજનાનાં અમલીકરણ માટે જરૂરી નાણાકીય ફાળવણી અને વહીવટી સત્તાઓ આપવામાં આવી. ઉપરાંત, માર્ગદર્શન અને વ્યવસ્થાપન માટે તાલુકા પંચાયતોને અમલકારી સંસ્થા તરીકેની કામગીરી સોંપાઈ. આ અગાઉની યોજનામાં ગ્રામ સંગઠનની જે ભૂમિકા હતી તે ભૂમિકા ગ્રામ સભાને તબદીલ કરવામાં આવી. આ સુધારાનો મુખ્ય હેતુ ગ્રામ વિકાસની પ્રક્રિયામાં પંચાયતો સક્રિય રીતે સહભાગી થાય અને વિકાસલક્ષી સંસ્થા તરીકે અગ્રેસર થાય તે રહ્યો છે.

આ પુસ્તિકામાં કુદરતી સંસાધનોના સંકલિત વિકાસનું મહત્ત્વ, તેના માટેની વ્યવસ્થા અને છેલ્લે જળસ્રાવ વિસ્તાર વિકાસ માટે 'હરિયાળી પરિયોજના'ની વિગતો આપવામાં આવી છે. સાથે સાથે યોજનાને લગતા રાજ્ય સરકારના પરિપત્રોનું સંકલન પણ આપવામાં આવ્યું છે. આ પુસ્તિકા સરળ ભાષામાં એક મહત્ત્વપૂર્ણ પરિયોજનાની વાત કરે છે. તેના અમલીકરણની જવાબદારી પંચાયતો ઉપર છે. એટલે, પંચાયતના પ્રતિનિધિઓને આ માહિતી ઉપયોગી નીવડશે અને તેમની ભૂમિકા ભજવવામાં તેમને મદદરૂપ નીવડશે.

આ પુસ્તિકામાં કુદરતી સંસાધનોની જાળવણીનું મહત્ત્વ તથા તેને માટેની વ્યવસ્થા, વોટરશેડ અભિગમના ઉદ્દેશો, વોટરશેડના વિકાસ માટે થતી મુખ્ય કામગીરી, સહભાગી અભિગમ, લોકકેન્દ્રી સહભાગી આયોજનની પ્રક્રિયા, હરિયાળી પરિયોજનાના અમલ માટેનું માળખું, પરિયોજનાના અમલ માટેની સંસ્થા અને જળસ્રાવ વિકાસ ટુકડી, ગ્રામ પંચાયત તથા સરપંચ અને તલાટીની કે ગ્રામ સભાની ભૂમિકા વગેરે બાબતોની વિગતવાર માહિતી આપવામાં આવી છે. ઉપરાંત, ગામ સ્તરની વોટરશેડ સમિતિનાં કાર્યો, જળસ્રાવ વિકાસ માટે હાથ ધરી શકાય તેવાં કામો વગેરે પણ સરળ શબ્દોમાં સમજાવવામાં આવ્યાં છે. વળી, હરિયાળી વોટરશેડ કાર્યક્રમ હેઠળ ખોલાવવામાં આવતાં બેંક ખાતાં, પ્રોજેક્ટ અમલીકરણ સમિતિની રચના, જળસ્રાવ વિસ્તાર વિકાસ સમિતિની રચના વગેરે અંગેના સરકારી પરિપત્રોની નકલો પણ તેમાં પ્રકાશિત કરવામાં આવી છે. આ સમગ્ર યોજનાને પર્યાવરણની જાળવણીમાં પંચાયતની ભૂમિકા અને પ્રદૂષણ દૂર કરવામાં પંચાયતની કામગીરી વિશેના સંદર્ભમાં સમજાવવામાં આવી છે.

આ પુસ્તિકા 'ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન'ના સહયોગથી પ્રકાશિત કરવામાં આવી છે. પ્રકાશકઃ રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા, સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોનઃ ૦૭૯-૨૬૭૪૯૭૧૫.

## બદલાવ કે સંકેત

માહિતી અધિકાર ધારો અને રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારો એ બે મહત્ત્વના કાયદાઓ ભારતમાં દાખલ થયા છે. તેમના અસરકારક ઉપયોગથી એક તરફ પંચાયતી રાજની સંસ્થાઓ ગામના લોકોની ગરીબી દૂર કરવા માટે મજબૂત બની શકે છે તો બીજી તરફ શાસન વ્યવસ્થામાં પારદર્શિતા લાવવા માટે તે સંસ્થાઓ વધારે અસરકારક કામગીરી પણ કરી શકે છે. પારદર્શિતા આવે તો ઉત્તરદાયિત્વ આવે.

ગરીબી નિવારણ માટે સ્થાનિક સ્તરે આ બંને કાયદાઓનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવ્યો છે અને ગ્રામ પંચાયતો તેમાં કેવી ભૂમિકા ભજવે છે તેનાં ૨૬ ઉદાહરણો આ હિંદી પુસ્તિકામાં આપવામાં આવ્યાં છે. ગ્રામ પંચાયત, સરપંચ, પંચાયતના સભ્યો અને અન્ય અધિકારીઓ માહિતી અધિકારનો ઉપયોગ કરીને પંચાયતોની શાસન વ્યવસ્થામાં કેવી રીતે સુધાર લાવે છે તેની રોચક અને રોમાંચક કહાણીઓ આ પુસ્તિકામાં રજૂ કરવામાં આવી છે.

સરકારી યોજનાઓનો અમલ વધારે સારી રીતે થાય તે માટે પારદર્શિતા અનિવાર્ય છે. એટલે કે યોજનાઓનો અમલ કેવી રીતે થયો તેની જાણકારી સૌ લોકોને પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા કરવાની જવાબદારી પંચાયતોની છે અને અન્ય સંબંધિત સરકારી ખાતાંઓની છે તે બાબત આ કહાણીઓમાંથી ફલિત થાય છે. તે એમ પણ સાબિત કરે

છે કે વાસ્તવમાં સ્થાનિક સ્તરે વિકાસ માટે નાણાં નથી એવું નથી પણ પ્રાપ્ય નાણાંનો વધારે સારો ઉપયોગ કેવી રીતે થઈ શકે તેની જાણકારી આ પુસ્તિકા આપે છે. આ સંદર્ભમાં આ પુસ્તિકા એક પ્રકારે પ્રક્રિયાનું દસ્તાવેજીકરણ છે. પંચાયત દ્વારા અમલમાં મૂકાતી યોજનાઓ વધારે સારી રીતે ચાલે, રેશનિંગની દુકાનેથી પૂરતાં પ્રમાણમાં સમયસર અનાજ પ્રાપ્ત થાય, આંગણવાડી વધારે સારી રીતે ચાલે, શાળામાં શિક્ષક વધારે સારી રીતે ભણાવે વગેરે બાબતો માહિતી અધિકારના ઉપયોગ દ્વારા શક્ય બને એવી કલ્પના પણ ભાગ્યે જ કરી શકાતી હતી. આ કલ્પના આજે સાકાર થઈ છે એ આ ઉદાહરણો ઉપરથી જોઈ શકાય છે. ભારતની લોકશાહી સ્થાનિક સ્તરે વધારે પારદર્શી અને ઉત્તરદાયી બનાવવામાં માહિતી અધિકાર ધારાએ કેવી ભૂમિકા ભજવી છે તેનો ખ્યાલ પણ આ ઉદાહરણો ઉપરથી આવે છે.

પ્રકાશકઃ સહભાગી શિક્ષણ કેન્દ્ર, સીતાપુર રોડ, લખનઉ-૨૨૭૨૦૮. ફોનઃ ૦૫૨૨-૨૭૩૪૮૮૮ ઈમેલઃ info@sahbhagi.org

## ઘરેલૂ હિંસા કાયદોઃ જાગૃતિ, માળખું અને અસરો

તારીખ ૨૦.૬.૨૦૦૬ના રોજ અમદાવાદમાં અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન ખાતે ઉપરોક્ત વિષય અંગે જે કાર્યશાળા યોજવામાં આવી હતી તેના દસ્તાવેજ સ્વરૂપે આ પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે. આ પુસ્તિકામાં ત્રણ ભાગ છેઃ (૧) કાર્યશાળાની પૂર્વભૂમિકા. (૨) પ્રશ્નો અને સૂચિત માળખું. (૩) સંદર્ભ સૂચિ.

પ્રથમ ભાગમાં કાર્યશાળાના હેતુ વિશે સ્પષ્ટતા કરવામાં આવી છે. કાર્યશાળાનો હેતુ ઘરેલૂ હિંસા અંગેના કાયદાના નીતિ-નિયમો અને ધારા-ધોરણો ઉપર ચર્ચા કરવાનો હતો. તેમાં ગુજરાતની ૫૫ સ્વૈચ્છિક સંસ્થાઓએ ભાગ લીધો હતો અને કાયદાનો અમલ સઘન રીતે થાય તે માટે વિગતવાર ચર્ચા કરી હતી. બીજા ભાગમાં આ કાયદાનાં ઈતિહાસ, તેની મુખ્ય લાક્ષણિકતાઓ, તેનો સંદર્ભ અને ઘરેલૂ હિંસાના સ્વરૂપ વિશે થયેલા અભ્યાસોનાં તારણો અંગેની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કાયદામાં જે મુખ્ય બાબતો છે તે છે પહોંચ, વ્યાખ્યાઓ, હકોની ઓળખ, રાહતની જોગવાઈ અને અમલ માટેની પ્રક્રિયા. આ તમામ બાબતો વિશે ચર્ચા કરવામાં આવી હતી.

ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં ઘરેલૂ હિંસાનાં સ્વરૂપ અને વ્યાપ વિશે એક અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસનાં તારણો પણ આ કાર્યશાળામાં રજૂ કરવામાં આવ્યાં હતાં. આ કાયદાના અમલ માટે કઈ કઈ બાબતો થઈ છે અને કઈ કઈ બાબતો કરવાની આવશ્યકતા છે તેને વિશે ચર્ચા કરવામાં આવી હતી.

આ કાર્યશાળામાં મફત કાનૂની સેવાઓ, કાયદાનું અદાલતી માળખું, આરોગ્ય વ્યવસ્થા, તથા રાજ્યની જવાબદારી વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી અને તેનો અહેવાલ પણ રજૂ કરવામાં આવ્યો છે.

આ કાર્યશાળા ગુજરાત રાજ્ય મહિલા પંચ, જેન્ડર રિસોર્સ સેન્ટર અને કચ્છ-સૌરાષ્ટ્ર નેટવર્ક ઓન વાયોલન્સ અગેઈન્સ્ટ વુમન દ્વારા સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવી હતી. પ્રાપ્તિ સ્થાનઃ જેન્ડર રિસોર્સ સેન્ટર, બેરેક નં.૧, પોલિટેકનિક કેમ્પસ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોનઃ ૦૭૯-૨૬૩૦૧૦૪૩.

## જ્ઞાન ગંગા

આરોગ્ય અને પરિવાર કલ્યાણના સંદર્ભમાં લોકોને સરળ ભાષામાં માહિતી આપવા માટે આ હિંદી સચિત્ર પુસ્તિકાનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમાં લોહીની ઊણપ, સગર્ભા સ્ત્રીઓની સંભાળ વગેરે જેવી સ્ત્રીઓની સમસ્યા વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. જેમ કે ધનૂરનું ઈંજેક્શન સગર્ભા સ્ત્રીઓએ ક્યારે લેવું, સગર્ભા સ્ત્રીની નિયમિત તપાસ, સુરક્ષિત પ્રસૂતિ માટે જરૂરી સંભાળ, ગર્ભાવસ્થામાં ઊભા થતા ખતરા, પ્રસૂતિ પહેલાંની તૈયારીઓ, કુદરતી ગર્ભપાત, વહેલા જન્મેલા બાળકની કાળજી વગેરે બાબતો વિશે તેમાં માહિતી આપવામાં આવી છે.

માતા-પિતાએ બાળકો વિશે શું કાળજી લેવી તેને વિશે પણ તેમાં જાણકારી આપવામાં આવી છે. ઉપરાંત, આયોડિનની કમીથી ઊભી થતી બિમારીઓ અને બાળકોને થતા ૬ પ્રાણઘાતક રોગો તથા તેમાં લેવામાં આવતી રસીઓ વિશેની માહિતી પણ આપવામાં આવી છે. રસીકરણના સંદર્ભમાં જે ભ્રમો ફેલાયેલા છે તે વિશે પણ માહિતી અપાય છે. વિટામિન એની ખામીથી દૂર રહેવા માટે અને અંધત્વ નિવારવા માટે શી કાળજી લેવી જોઈએ તે પણ દર્શાવવામાં આવ્યું છે.

ન્યુમોનિયા, ઝાડા-ઊલટી, બળિયા વગેરે જેવા રોગો સામે બાળકોને કેવી રીતે રક્ષણ આપી શકાય, સ્ત્રી-ભ્રૂણ હત્યા રોકવા માટે શું કરવું જોઈએ, કમળો અને લૂ, મેલેરિયા અને મોતિયો, ટીબી અને કેન્સર, એઈડ્સ અને રક્તપિત્ત વગેરે બાબતો વિશે પણ આ પુસ્તિકામાં માહિતી આપવામાં આવી છે. ઉપરાંત, રક્તદાન કેવી રીતે ઉપયોગી છે તેને વિશે પણ આ પુસ્તિકા માહિતી પૂરી પાડે છે. ઓક્સફામ અને ઉર્મૂલ સમિતિ દ્વારા સંયુક્ત રીતે આ પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી છે.

પ્રાપ્તિસ્થાનઃ ઉર્મૂલ સમિતિ, સેક્ટર-૪, આદર્શ નગર, પો.બો.નં.૧૨, ફલૌદી-૩૪૨ ૩૦૧. જિ. જોધપુર. રાજસ્થાન.

# સાંપ્રત પ્રવાહ

## અનિલ શાહ ગ્રામ વિકાસ પારિતોષિક–૨૦૦૭ અને ગ્રામ સંગઠન પારિતોષિક–૨૦૦૭નું નામાંકન

'ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર' દ્વારા ગ્રામ વિકાસના ક્ષેત્રે નમૂનારૂપ કામગીરી કરનાર અને અગાઉ કોઈ મહત્ત્વનો જાણીતો એવોર્ડ ન મળ્યો હોય તેવી કાર્યરત સંસ્થા અને વ્યક્તિઓ માટે ગ્રામ વિકાસ પારિતોષિક યોજનાનું આયોજન કરવામાં આવે છે. ૨૦૦૫થી ગ્રામ સંગઠનોની ઉમદા કામગીરીને બિરદાવવા અને અન્ય પ્રેરણાસ્રોત બને તે માટે ગ્રામ સંગઠન પારિતોષિકની યોજના પણ નક્કી કરવામાં આવી છે.

૨૦૦૭ માટે ગ્રામ વિકાસ પારિતોષિક અને ગ્રામ સંગઠન પારિતોષિક માટે નામાંકન મંગાવવામાં આવે છે. આપની જાણીતી યોગ્ય સંસ્થા/વ્યક્તિઓનાં કાર્યો અંગેની વિગતો ગ્રામ વિકાસ પારિતોષિક-૨૦૦૭ના માહિતીપત્રકમાં મોકલી આપવા વિનંતી. નામાંકનના માહિતીપત્રક તારીખ ૧૫ ઓક્ટોબર, ૨૦૦૭ સુધીમાં મોકલી આપવાં.

**(૧) અનિલ શાહ ગ્રામ વિકાસ પારિતોષિક**

ગ્રામ વિકાસ પારિતોષિક અંતર્ગત પંસદ પામેલા પારિતોષિક વિજેતા વ્યક્તિ/સ્વૈચ્છિક સંસ્થાને રૂ. ૫૦,૦૦૦નો રોકડ પુરસ્કાર, ટ્રોફી તેમ જ પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ પારિતોષિકનું સમગ્ર સંચલન ગુજરાતના પ્રતિષ્ઠિત કર્મશીલોની એક પારિતોષિક નિર્ણાયક સમિતિ તથા 'ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર' સંસ્થા દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવે છે. પારિતોષિક માટે યોગ્ય ઉમેદવારની પસંદગી કરવા માટે અનેકવિધ માધ્યમો દ્વારા તથા ગ્રામ વિકાસ ક્ષેત્રમાં પ્રવૃત્ત વ્યક્તિઓ તથા સંસ્થાઓ તરફથી નામાંકન મંગાવવામાં આવે છે. ઉત્કૃષ્ટ કામ કરતી વ્યક્તિ કે સંસ્થાઓ પોતાના માટે જાતે પણ નામાંકન પત્ર મોકલાવી શકે છે. આ નામાંકનોના આધારે નિર્ણાયક સમિતિ મજબૂત દાવેદાર ઉમેદવારની એક સૂચિ બનાવે છે. જેમની નિર્ણાયક સમિતિ દ્વારા નિયુક્ત કરાયેલા પ્રતિનિધિઓ દ્વારા જાત મુલાકાત લેવામાં આવે છે. ચુનંદા ઉમેદવારોની જાત તપાસ કર્યા બાદ તૈયાર થતા અહેવાલના આધારે નિર્ણાયક સમિતિ પારિતોષિક વિજેતાની પસંદગી કરે છે.

**(૨) ગ્રામ વિકાસ ફેલોશિપ**

આ વર્ષે નાણાકીય સમિતિએ પારિતોષિક ઉપરાંત ગ્રામ વિકાસ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર આશાસ્પદ વ્યક્તિને ગ્રામ વિકાસ ફેલોશિપ આપવાનું પણ ઠરાવ્યું છે. આ ફેલોશિપ અંતર્ગત પસંદગી પામનાર વ્યક્તિને તેમની સેવાઓની કદરરૂપે તથા તેમને વધુ સારી કામગીરી કરતાં રહેવા માટે પ્રોત્સાહન મળે તે હેતુસર ફેલોશિપ આપવામાં આવશે. ફેલોશિપ અંતર્ગત મળનાર રાશિનો ઉપયોગ ગ્રામ વિકાસ ક્ષેત્રે વિશિષ્ટ સજ્જતા કેળવણી માટે તાલીમ, શૈક્ષણિક પ્રવાસ, સાહિત્ય કે સાધનની ખરીદી વગેરેમાં થઈ શકશે.

**(૩) ગ્રામ સંગઠન પારિતોષિક**

ગ્રામ સંગઠન પારિતોષિક માટે સ્વૈચ્છિક સંસ્થા, સરકારી વિભાગો અને અન્ય સ્રોત દ્વારા નામાંકન મંગાવવામાં આવે છે. આ નામાંકનમાંથી નિયત માપદંડોને આધારે એક ટૂંકી યાદી તૈયાર કરવામાં આવશે. ટૂંકી યાદીમાં પસંદ થયેલાં સંગઠનોનું ગ્રામ સંગઠન આધારિત વિકાસ ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓ આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત), એન.એમ. સદ્‌ગુરુ વોટર એન્ડ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન અને ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર (ડીએસસી)ના ગ્રામ સંગઠનના અનુભવી પ્રતિનિધિ દ્વારા સંયુક્ત રીતે સ્થળ મુલાકાત અને પરામર્શ દ્વારા યોગ્ય આકારણી કરવામાં આવશે. આ ત્રણ સંસ્થાઓ દ્વારા રચાયેલાં ગ્રામ સંગઠનો આ પારિતોષિક માટે ઉમેદવારી કરશે નહીં. આ એસેસમેન્ટના આધારે ગ્રામ વિકાસ પારિતોષિક પસંદગી સમિતિ દ્વારા પારિતોષિક મેળવનાર સંગઠનોની આખરી પસંદગી કરવામાં આવશે. પછીથી આ પારિતોષિક પસંદ કરવામાં આવેલા સંગઠનને 'ગ્રામ વિકાસ પારિતોષિક' પ્રદાન કાર્યક્રમ સમારંભ દરમિયાન એનાયત કરાશે. પારિતોષિકની ઈનામી રકમમાં પ્રથમ પારિતોષિક રૂ. ૨૦,૦૦૦નો અને દ્વિતીય પારિતોષિક રૂ. ૧૦૦૦૦નો સમાવેશ થાય છે. દરેક પારિતોષિકમાં પ્રશસ્તિ પત્ર અને સ્મારક ચિહ્નનો સમાવેશ પણ થાય છે. નામાંકન માટે ગ્રામ સંગઠનનાં ક્ષેત્રો આ મુજબ છેઃ જળસ્રાવ વિસ્તાર વિકાસ, સહભાગી વન વ્યવસ્થાપન, સહભાગી જળ વ્યવસ્થાપન, સામૂહિક સંસાધન વ્યવસ્થાપન.

સંપર્કઃ ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર, ગવર્મેન્ટ ટ્યૂબવેલ પાસે, બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮. ફોનઃ ૦૨૭૧૭-૨૩૫૯૯૪, ૨૩૫૯૯૫, ૨૩૫૯૯૮. ફેક્સઃ ૦૨૭૧૭-૨૩૫૯૯૭. ઈમેલઃ dsc@dscindia.org વેબસાઈટઃ dscindia.org

## વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો વિશેના 'સંયુક્ત રાષ્ટ્રો'ના ઠરાવને ભારતની માન્યતા

તારીખ ૧.૧૦.૨૦૦૭ના રોજ ભારતે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો વિશેના 'સંયુક્ત રાષ્ટ્રો'ના ઠરાવને માન્યતા આપી છે. આ સાથે કુલ ૭ દેશોએ તેને માન્યતા આપી છે. જો કે, હજુ ૧૩ દેશોની માન્યતા મળે તો આ ઠરાવ અમલમાં આવ્યો ગણાય. વધુમાં, ૧૫ દેશોએ આ ઠરાવ ઉપર સહી કરી છે. એ સાથે આ ઠરાવ પર સહી કરનારા દેશોની સંખ્યા ૧૧૭ થઈ છે. ૨૧મી સદીનો 'સંયુક્ત રાષ્ટ્રો'નો આ સૌ પ્રથમ ઠરાવ છે અને તે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની જરૂરિયાતો વિશેનો તેનો સૌ પ્રથમ ઠરાવ છે.

ભારતના વિદેશ પ્રધાન પ્રણવ મુખરજીએ આ ઠરાવ પર સહી કરતી વખતે એમ જણાવ્યું હતું કે ભારત વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને જે અવરોધો નડે છે તે દૂર કરવા માટે પ્રતિબદ્ધ છે. 'સંયુક્ત રાષ્ટ્રો' ખાતેના ભારતના મિશનની અખબારી યાદીમાં એમ જણાવવામાં આવ્યું હતું કે ભારતનું બંધારણ ગર્ભિત રીતે તમામ માટે સમાવેશી સમાજ ઊભો કરવાનો ઈરાદો વ્યક્ત કરે છે.

## સામાજિક સલામતી ખરડો

કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર પ્રધાન દ્વારા રાજ્ય સભામાં સપ્ટેમ્બર માસમાં અસંગઠિત ક્ષેત્ર કામદાર સામાજિક સલામતી ખરડો દાખલ કરવામાં આવ્યો છે. તે સામાજિક સલામતીની તમામ યોજનાઓને કાનૂની ટેકો પૂરો પાડે છે. આ યોજનાઓમાં 'આમ આદમી વીમા યોજના', રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના અને આરોગ્ય વીમા યોજનાનો સમાવેશ પણ થાય છે. આ વર્ષે ૧૫મી ઓગસ્ટે વડાપ્રધાન દ્વારા આ યોજનાઓની જાહેરાત કરવામાં આવી હતી. આ કાયદામાં જે ૧૧ યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમાં આ ત્રણેય યોજનાઓનો સમાવેશ થઈ જાય છે.

ગરીબીની રેખા નીચે જીવતા કામદારો માટે આરોગ્ય વીમા યોજના તૈયાર કરવામાં આવી છે અને આગામી પાંચ વર્ષ દરમ્યાન છ કરોડ પરિવારોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે. એકંદરે આ કાયદાને પરિણામે ૩૦ કરોડ કામદારોને લાભ થશે. તેમને તેમના વિશિષ્ટ ઓળખ ક્રમાંક ધરાવતું સ્માર્ટ કાર્ડ આપવાની જોગવાઈ પણ તેમાં કરવામાં આવી છે. તેમને તબીબી સેવાઓ પૂરી પાડવા માટે જાહેર અને ખાનગી આરોગ્ય સવલતોનો ઉપયોગ પણ કરવામાં આવશે. લાભાર્થીઓને કોઈ હેરાનગતિ ન થાય તે માટે રોકડ રકમનો ઉપયોગ થાય જ નહિ તેવા પ્રકારની આરોગ્ય સવલતો પૂરી પડાય તેના ઉપર પણ આ કાયદામાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. દરેક પરિવારને વાર્ષિક રૂ. ૩૦,૦૦૦ સુધીના ખર્ચવાળી આરોગ્ય સંભાળ પ્રાપ્ત કરવાનો અધિકાર આ કાયદા દ્વારા પ્રાપ્ત થશે.

પ્રથમ વર્ષ દરમ્યાન આ યોજના હેઠળ રૂ. ૭૦૦ કરોડના ખર્ચનો અંદાજ છે. પાંચમા વર્ષને અંતે આ ખર્ચ વધીને રૂ. ૩૫૦૦ કરોડ જેટલું થાય તેવી શક્યતાઓ છે કે જ્યારે ગરીબીની રેખા નીચે જીવતા તમામ છ કરોડ પરિવારોને આવરી લેવામાં આવશે. રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજનાનો લાભ ગરીબીની રેખા નીચે જીવતી ૬૫થી વધુ વયની તમામ વ્યક્તિઓને આપવામાં આવશે. તેમને દર મહિને રૂ. ૨૦૦નું પેન્શન આપવામાં આવશે અને રાજ્ય સરકારોને તેમાં રૂ. ૨૦૦ જોડવા માટે કહેવામાં આવશે. આ યોજના હેઠળ દર વર્ષે રૂ. ૪૦૦૦ કરોડ કરતાં પણ વધુ રકમનો ખર્ચ થશે. આ યોજનાનો વહીવટ ગ્રામ વિકાસ મંત્રાલય કરશે.

'આમ આદમી વીમા યોજના' હેઠળ દેશના તમામ ગ્રામીણ ભૂમિહીન પરિવારોને આવરી લેવામાં આવશે. તેમને જીવન વીમો અને વિકલાંગતા વીમો આપવામાં આવશે. જો અકસ્માતે તેમનું મૃત્યુ થાય તો અથવા તેઓ કાયમીપણે વિકલાંગ થાય તો તેમને રૂ. ૭૫,૦૦૦ સુધીની રકમ પ્રાપ્ત થશે.

## માહિતી અધિકારનો મહિલા સશક્તિકરણના સંદર્ભમાં ઉપયોગ

વડોદરાની 'સહિયર' સંસ્થાનાં ડૉ. તૃપ્તિ શાહ દ્વારા માહિતી અધિકાર ધારાનો ઉપયોગ કરીને ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં મહિલા સશક્તિકરણ અભિયાન ચલાવાયું હતું તેમાં જે ખર્ચ થયો હતો તેની માહિતી માગવામાં આવી હતી. પ્રાપ્ત થયેલી માહિતી ખૂબ જ રસપ્રદ છે. જે માહિતી માગવામાં આવી હતી તે નીચે મુજબ છેઃ

(૧) આજ દિન સુધી ૨૨ કે વધુ જિલ્લાઓમાં યોજાયેલ મહિલા સશક્તિકરણના કાર્યક્રમોમાં ખર્ચની જિલ્લાવાર વિગતો.
(૨) આ સંમેલનોમાં બહેનોને લાવવા લઈ જવાના ખર્ચની જિલ્લાવાર વિગતો.
(૩) સંમેલનોમાં આવતી બહેનોને આપવા માટે ફૂડ પેકેટના ખર્ચની જિલ્લાવાર વિગતો.
(૪) સંમેલનની તૈયારી માટે તૈયાર કરવામાં પોસ્ટરો, બેનરો, હોર્ડિંગોના ખર્ચની જિલ્લાવાર વિગતો.
(૫) સંમેલનના પ્રચાર માટે પ્રચાર માધ્યમોમાં કરવામાં આવેલી જાહેરાતના ખર્ચની જિલ્લાવાર વિગતો.
(૬) આ સભાઓ સંબોધવા માટે આવતા મુખ્ય મંત્રી, મહિલા અને બાળ વિકાસ મંત્રી તથા અન્ય મંત્રીઓ અને અન્ય ચૂંટાયેલાં પ્રતિનિધિઓ તેમ જ તેમની સાથેના તમામ અધિકારીઓના આવવા-જવાના, આગતા-સ્વાગતાના, સુરક્ષાના ખર્ચની

જિલ્લાવાર વિગતો.

(૭) આ સભાઓ માટે ગામે-ગામથી બહેનોને લાવવા માટે તમામ કક્ષાના જે તે મીટિંગ માટે કેટલા અને ક્યા સરકારી અધિકારીઓને કામે લગાડવામાં આવ્યા હતા તેની જિલ્લાવાર વિગતો.

(૮) આ મહિલા સશક્તિકરણના નામે દરેક જિલ્લામાં યોજાયેલાં સંમેલનો માટેના પૈસા ક્યાંથી આવે છે તેની વિગતો.

(૯) આ ખર્ચ કયા બજેટમાંથી વપરાય છે તેની વિગતો.

ડૉ. તૃપ્તિ શાહ દ્વારા જારી કરાયેલી અખબારી યાદીમાં જે જણાવાયું છે તે આ મુજબ છેઃ ગુજરાતની જાગૃત મહિલાઓ તરીકે ડૉ. તૃપ્તિ શાહ અને સુશ્રી દીપાલી ઘેલાણીએ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ખુલ્લો પત્ર તા.૧૧.૪.૨૦૦૭ના રોજ લખ્યો હતો અને ફેક્સ દ્વારા તેમને મોકલ્યો હતો. આ પત્રમાં ગુજરાત સરકાર દ્વારા 'મહિલા સશક્તિકરણ'ના નામે ગુજરાતના દરેક જિલ્લામાં મહિલા સંમેલનો ભરવાનું શરૂ કરવામાં આવ્યું હતુ અને તેના દ્વારા સરકાર મહિલાઓ અંગે ઘણુંબધું કરી રહી હોવાનો પ્રચાર ખૂબ જોરશોરથી કરવામાં આવી રહ્યો હતો, તેમાં કરવામાં આવેલાં ખર્ચ બાબતે કેટલીક પાયાની માહિતી માંગી હતી.

આ માહિતી માંગવાનો વિચાર એટલા માટે કરવામાં આવ્યો હતો કે ગુજરાતની મહિલાઓને અને સમગ્ર સમાજને સ્પર્શતા બે મહત્ત્વના કાયદાઓનો અમલ કરવાનું તંત્ર બનાવવા માટેનો સમય કે બજેટ નથી એવી વાતો ગુજરાત સરકાર કરે છે ત્યારે મહિલાઓના નામે આવા મેળાવડાઓ કરીને એક જ દિવસમાં પ્રત્યેક જિલ્લામાં લાખો રૂપિયા અને રાજ્યમાં કરોડો રૂપિયા ખર્ચવાનું બજેટ ક્યાંથી આવે છે?

પાયાના પ્રશ્નો જેમ કે દીકરીઓની ઘટતી જતી સંખ્યા સામે પુત્રીગર્ભના ગર્ભપાતને રોકવાનો કાયદો પીસીપીએમડીટી એક્ટ-૧૯૯૬થી અમલમાં છે અને મહિલા સશક્તિકરણ માટેનો એક પાયાનો કાયદો, "કૌટુમ્બિક હિંસા અધિનિયમ'-૨૦૦૫, ઓક્ટોબર ૨૦૦૬માં અમલમાં મુકાઈ ગયા છતાં, હજુ સુધી તેના અસરકારક અમલ માટેનું તંત્ર બનાવવાનો સમય મુખ્યમંત્રી કે સરકારના મહિલા અને બાળવિકાસ મંત્રીને મળ્યો નથી. સ્ત્રી સંગઠનોની વારંવારની લેખિત રજૂઆત ગામેગામથી થયેલી સહી ઝુંબેશ તેમ જ રૂબરૂ મળીને કરેલ રજૂઆત છતાં એક જ જવાબ સરકાર તરફથી આપવામાં આવે છે કે મહિલા સશક્તિકરણ માટેના આ પાયાના કાયદાનો અમલ કરાવવા માટે વધારાની નિમણૂક કરવાના પૈસા સરકાર પાસે નથી. ખૂબ દબાણ કર્યા બાદ અનેક જવાબદારીઓ જેમની પર છે તેવા સમાજ સુરક્ષા અધિકારીઓને આ કાયદાનો વધારાનો બોજો આપવાનો પરિપત્ર સરકાર દ્વારા તા.૨૧ માર્ચ ૨૦૦૭ના રોજ બહાર પાડવામાં આવ્યો હતો, પરંતુ આજ સુધી આ કાયદા હેઠળ ફરિયાદો કરવા છતાં તેમના તરફથી નોંધપાત્ર પગલાં ભરવામાં આવ્યાં નથી.'

પાયાનો પ્રશ્ને એ છે કે જો ગુજરાત સરકાર પાસે કાયદાનો અમલ કરાવવાના પૈસા નથી તો પછી 'મહિલા સશક્તિકરણ'ના નામે દરેક જિલ્લામાં યોજાતાં સંમેલનો માટેના પૈસા ક્યાંથી આવે છે? તે કયા બજેટમાંથી વપરાય છે? સભાઓમાં ભાષણો સાંભળવાથી મહિલાઓનું સશક્તિકરણ કઈ રીતે થાય?

આ પાયાની માહિતી મુખ્યમંત્રીની ઓફિસમાંથી પ્રાપ્ત ન થતાં માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ 'મહિલા સશક્તિકરણ'નાં અભિયાનોમાં કરવામાં આવેલા ખર્ચાઓની વિગતો મેળવવા માટે ડૉ. તૃપ્તિ શાહે તા. ૧૮-૭-૨૦૦૭ના રોજ અરજી કરી હતી.

આ અરજીના જવાબમાં ૧૨ જિલ્લામાંથી કેટલાક પ્રશ્નોના જવાબ મોકલવામાં આવ્યા છે. અન્ય જિલ્લાના જવાબો હજુ સુધી મળ્યા નથી. આ જવાબોમાં 'આ સભાઓ સંબોધવા માટે આવતા મુખ્યમંત્રી, મહિલા અને બાળ વિકાસ મંત્રી તથા અન્ય મંત્રીઓ અને અન્ય ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમ જ તેમની સાથેના તમામ અધિકારીઓના આવવા જવાના, આગતા સ્વાગતાના, સુરક્ષાના ખર્ચની જિલ્લાવાર વિગતો તેમજ તેમનો ખર્ચ કયા બજેટમાંથી વપરાય છે' તેની વિગતો અંગેની માહિતી ન આપતાં મુખ્યમંત્રીની એફિસને ફરીથી પત્ર લખવામાં આવેલ છે જેનો જવાબ હજુ સુધી મળ્યો નથી. પરંતુ જે જવાબો મળ્યા છે તે પણ ચોંકાવનારા છે.

તમામ જિલ્લામાં મહિલા આર્થિક વિકાસ નિગમ તરફથી મહિલા દિનની ઉજવણીના નામે આ સંમેલનો માટે રૂ. વીસ લાખની ફાળવણી કરવામાં આવેલ. જો કે અત્યાર સુધી મળેલ જવાબ મુજબ ૧૨માંથી ૯ જિલ્લામાં રૂ. ૨૦ લાખ કરતાં વધારે ખર્ચ માત્ર ફરાસખાના, બહેનોને લાવવા-લઈ જવાના વાહન ખર્ચ, ફૂડ પેકેટ, પોસ્ટર, બેનર, હોર્ડીંગ અને જાહેરાત પાછળ કરવામાં આવેલ છે. આ ૯માંથી ૨ જિલ્લામાં ઉપરોક્ત હેતુસર રૂ. ૪૫,૦૦,૦૦૦ કરતાં વધારે અને ત્રણ જિલ્લામાં રૂ. ૩૫,૦૦,૦૦૦ કરતાં વધારે ખર્ત કરવામાં આવેલ છે. આ સિવાય મુખ્યમંત્રી તેમ જ તેમની સાથે પધારેલ અન્ય મંત્રીઓનો આવવા જવાનો ખર્ચ તેમની સુરક્ષા વ્યવસ્થાનો ખર્ચ તેમની તહેનાતમાં રહેલ અધિકારીઓનો ખર્ચ આ બધા અધધધ... લાગે તેવા ખર્ચાઓની માહિતી તો હજુ આપવામાં આવી જ નથી.
**સંપર્કઃ** ડૉ. તૃપ્તિ શાહ, ૩૭, પત્રકાર કોલોની, તાંદલજા રોડ, વડોદરા-૩૯૦ ૦૨૦. ફોનઃ ૦૨૬૫-૨૩૨૦૩૯૯.

# આગામી કાર્યક્રમ

## 'પ્રિયા' દ્વારા સતત શિક્ષણના કાર્યક્રમો

'પ્રિયા'ના સતત શિક્ષણ કેન્દ્રની સ્થાપના ૨૦૦૫માં કરવામાં આવી. આ કેન્દ્ર તેની એક શૈક્ષણિક પાંખ તરીકે કામ કરે છે. સહભાગિતા અને લોકશાહી શાસન વ્યવસ્થાને પ્રોત્સાહન આપવા માટે આ આંતરરાષ્ટ્રીય કેન્દ્રની શરૂઆત કરવામાં આવી છે. દૂર શિક્ષણ પદ્ધતિથી જુદા જુદા અભ્યાસક્રમો વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. જેઓ વિકાસલક્ષી ક્ષેત્રોમાં કામ કરે છે તેવા લોકો કોઈક નિશ્ચિત વિષય વિશે વધુ કંઈક શીખવા માંગતા હોય તેમને માટે આ કાર્યક્રમો તૈયાર કરવામાં આવ્યા છે. તેઓ તેમના ક્ષેત્રમાં વિશિષ્ટીકરણ સાધે તે હેતુ તેમાં રાખવામાં આવે છે. સહભાગી સંશોધનની પ્રક્રિયાઓ અને વિભાવના દ્વારા પોતાનું કૌશલ્ય તેઓ વધારી શકે અને પોતાના નિશ્ચિત કાર્યક્ષેત્ર વિશે સમૃદ્ધ બની શકે તે ખ્યાલ પણ તેમાં રાખવામાં આવ્યો છે. અભ્યાસક્રમો નીચે મુજબ છેઃ

**(૧) પ્રૌઢ શિક્ષણ અને જીવનપર્યન્ત ભણતરનાં આંતરરાષ્ટ્રીય પાસાંઃ**
આ અભ્યાસક્રમમાં કેટલાક સિદ્ધાંતો, વિચારકો અને વિભાવનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમ જ તેમાં વર્તમાનમાં આંતરરાષ્ટ્રીય સ્તરે જે ચર્ચા ચાલી રહી છે તે મુદ્દાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

**(૨) સહભાગી દેખરેખ અને મૂલ્યાંકનમાં આંતરરાષ્ટ્રીય દૃષ્ટિકોણઃ**
આ અભ્યાસક્રમમાં દેખરેખ અને મૂલ્યાંકનની પ્રક્રિયા તથા આયોજનની પ્રક્રિયા વચ્ચે શું સંબંધ છે અને તેનો શું અર્થ છે તેના પાયા પર અન્ય મુદ્દાઓની ચર્ચા કરવાનો ઈરાદો હોય છે. પરંપરાગત અભિગમ અને સહભાગી અભિગમ વચ્ચેના તફાવતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે.

**(૩) નાગરિક સમાજનું નિર્માણઃ**
આ અભ્યાસક્રમમાં નાગરિક સમાજનો અર્થ તેનું મૂળ, તેના કાર્યો અને તેનાં અર્થઘટનો ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. નાગરિક સમાજનાં સંગઠનો, રાજ્ય અને બજાર વચ્ચેનો સંબંધ કેવી રીતે કામ કરે છે તે આ અભ્યાસક્રમનો ખૂબ જ અગત્યનો મુદ્દો છે.

**(૪) વ્યવસાયી આરોગ્ય અને સુરક્ષાઃ**
આ અભ્યાસક્રમમાં વિકસતા દેશોમાં વ્યવસાયગત જોખમોનાં વિવિધ સ્વરુપો તથા વ્યવસાયગત આરોગ્યની સ્થિતિ અને વાસ્તવિકતા વિશે જ્ઞાન આપવામાં આવે છે. પ્રતિરોધ, નિયંત્રણ અને દેખરેખ કેવી રીતે થઈ શકે તે પણ તેનો મુદ્દો છે. બાળ મજૂરો અને મહિલા મજૂરો ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું છે.

**(૫) ભારતમાં પંચાયતી રાજ સંસ્થાઓ (સ્થાનિક સ્વશાસન):**
૭૩મા બંધારણ સુધારાના સંદર્ભમાં અને રાજ્યોના પંચાયત ધારાઓના સંદર્ભમાં અભ્યાસક્રમ પંચાયતી રાજ વ્યવસ્થાની ચર્ચા કરે છે. કેવી રીતે વિકેન્દ્રીકરણ ઊભું થઈ શકે તેનું વિશ્લેષણ કરવામાં આવે છે.

**(૬) સમાજમાં સ્ત્રી-પુરુષ ભેદભાવની સમજઃ**
પિતૃસત્તાક વ્યવસ્થામાં મહિલાઓની જે નિર્ધારિત ભૂમિકાઓ ઊભી થઈ છે અને તેને પરિણામે જે ભેદભાવો સર્જાયા છે તેની ચર્ચા સમાજીકરણની પ્રક્રિયાઓ તથા ખાનગી અને જાહેર ક્ષેત્રમાં મહિલાઓ પ્રત્યેની હિંસાના સંદર્ભમાં કરવામાં આવી છે.

ઉપરોક્ત ૬ અભ્યાસક્રમોમાંથી છેલ્લા બે અભ્યાસક્રમો અંગ્રેજી અને હિંદી બે ભાષામાં કરી શકાય છે. જ્યારે પ્રથમ ચાર અભ્યાસક્રમો માત્ર અંગ્રેજી ભાષામાં કરી શકાય છે.

### અભ્યાસક્રમની વિગતો

સમયગાળોઃ ૧૫.૧૦.૨૦૦૭થી ૧૫.૦૧.૨૦૦૮
યોગ્યતાઃ સ્નાતકની પદવી
સ્વરૂપઃ પ્રમાણપત્ર કાર્યક્રમ
પદ્ધતિઃ દૂર શિક્ષણ
ક્રેડિટઃ ૮ ક્રેડિટ, અભ્યાસના ૨૪૦ કલાક
ફીઃ રૂ. ૫૦૦૦ અથવા ૧૫૦ અમેરિકન ડોલર

### અભ્યાસક્રમનાં મુખ્ય લક્ષણો

૧. જાતે સમજી શકાય તેવી અભ્યાસક્રમની સામગ્રી.
૨. વિષય અંગેના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો.
૩. ઈન્ટરનેટ આધારિત ચર્ચા.
૪. ત્રણ લેખિત સ્વાધ્યાયને આધારે મૂલ્યાંકન.
૫. દરેક વિદ્યાર્થીને ઉપયોગી તેવું પરિયોજના કાર્ય.
૬. દરેક વ્યક્તિની ઝડપ અને અવકાશ અનુસાર ભણતર.

### સહયોગ

આ અભ્યાસક્રમો માટે નીચેની સંસ્થાઓ સાથે સહયોગ કરવામાં આવ્યો છેઃ

(૧) કેનેડાની યુનિવર્સિટી ઓફ વિક્ટોરિયા.
(૨) આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (આઈ.એલ.ઓ.)નું સી.આઈ.એસ. એકમ.

### સંપર્કઃ

પ્રિયા સતત શિક્ષણ, ૪૨, તુઘલકાબાદ ઈન્સ્ટિટ્યુશનલ એરિયા, નવી દિલ્લી ૧૧૦ ૦૬૨. ફોનઃ ૦૧૧-૨૯૯૫૬૯૦૮, ૨૯૯૬૦૯૩૧/૩૨/૩૩. ફેક્સઃ ૦૧૧-૨૯૯૫૫૧૮૩. ઈમેલઃ education@pria.org વેબસાઈટઃ www.pria.org

છેલ્લા ત્રણ માસ દરમ્યાન 'ઉન્નતિ' દ્વારા નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી:

## ૧. નાગરિક નેતૃત્વ અને શાસન

### (ક) પંચાયતી રાજ સંસ્થાઓનું મજબૂતીકરણ

ગુજરાતમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનાના અમલનું પાંચ પંચાયતોમાં સામાજિક અન્વેષણ કરવામાં આવ્યું હતું. તેમાં સાબરકાંઠા જિલ્લાની ખેડબ્રહ્મા તાલુકાની દંતરાલ, દેલવાડા, દીઘિયા, પરોયા અને ચીખલા ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે. સામાજિક અન્વેષણ માટે નાગરિક નેતાઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની સામેલગીરી અંકે કરવામાં આવી હતી. સૌ પ્રથમ બે સામાજિક અન્વેષણો બાદ એક વિડિયો દસ્તાવેજ તૈયાર કરવામાં આવ્યો હતો અને તે તમામ સંબંધિત અધિકારીઓને બતાવવામાં આવ્યો હતો. બીજાં ત્રણ ગામોમાં પણ તે વિડિયો ફિલ્મ બતાવવામાં આવી હતી. એ જ રીતે અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાની બે અને દસક્રોઈ તાલુકાની ત્રણ ગ્રામ પંચાયતોમાં શિક્ષણની પરિસ્થિતિ વિશે સામાજિક અન્વેષણ હાથ ધરવામાં આવ્યું હતું. 'માહિતી અધિકાર પહેલ' સાથેના સહયોગમાં માહિતી અધિકાર ધારાની જોગવાઈઓ વિશે અમદાવાદ જિલ્લાના દસક્રોઈ અને ધોળકા તાલુકાઓમાં જાગૃતિ શિબિરો યોજવામાં આવી હતી અને તેમાં નાગરિક નેતાઓની સામેલગીરી નોંધપાત્ર હતી.

રાજ્યના ૨૫ જિલ્લાઓના ૮૫૦ ગ્રામ પંચાયતોના ચૂંટાયેલા પ્રતિનિધિઓનો બે દિવસનો પાંચમો અભિમુખતા કાર્યક્રમ સેટકોમ દ્વારા ચલાવવામાં આવ્યો અને તેમાં પ્રાકૃતિક સંસાધન સંચાલન, પર્યાવરણનું રક્ષણ અને સામુદાયિક અસ્કામતોના બાંધકામમાં પંચાયતોની ભૂમિકા વિશે ચર્ચા કરવામાં આવી હતી. આ તાલીમ સ્પીપા અને એસ.આઈ.આર.ડી. તથા ગુજરાત સરકારના સહયોગ સાથે હાથ ધરવામાં આવી હતી. છોકરીઓના શિક્ષણમાં પંચાયતોની ભૂમિકા વિશે એક નાની ફિલ્મ તૈયાર કરવામાં આવી અને આપત્તિના સામનાની તૈયારીમાં પંચાયતોની ભૂમિકા વિશેની એક રજૂઆત વિશે પણ ફિલ્મ તૈયાર કરવામાં આવી હતી. આ બંને ફિલ્મો સેટકોમ તાલીમ દરમ્યાન દર્શાવવામાં આવી હતી.

તા.૨૧થી ૨૩ ઓગસ્ટ, ૨૦૦૭ દરમ્યાન ૧૬ સંગઠનોના ૨૧ સહભાગીઓ માટે નાગરિકત્વ અને શાસન વિશે પ્રશિક્ષકોની તાલીમ યોજવામાં આવી હતી.

રાજસ્થાનમાં સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (યુ.એન.ડી.પી.)ના ટેકા સાથે ચાલતી પરિયોજના જુન-૨૦૦૭માં પૂરી થઈ. છેલ્લાં ત્રણ વર્ષની વોર્ડ સભા, ગ્રામ સભા અને પંચાયત બેઠકોની કાર્યવાહીઓની માહિતીનું એકત્રીકરણ અને દસ્તાવેજીકરણ ૮ પંચાયત સંદર્ભ કેન્દ્રોની અસરના અભ્યાસ સાથે આ કામગીરી પૂરી કરવામાં આવી. 'મહિલા ચેતના મંચ'નાં કુ. નિર્મલા બૂચ અને સી.ડબલ્યુ.ડી.એસ.ના શ્રી નારાયણ બેનરજીએ આ મૂલ્યાંકન અભ્યાસ હાથ ધર્યો હતો. યુ.એન.ડી.પી.નાં કુ. સોનાલી આનંદ અને કુ. જુથીકા બેનરજીએ પણ નવતર પ્રક્રિયાઓના દસ્તાવેજીકરણ માટે ક્ષેત્રીય વિસ્તારોની મુલાકાત લીધી હતી.

ગુજરાતીમાં 'પંચાયત જગત' અને હિન્દીમાં 'સ્વરાજ' ત્રિમાસિક સમાચારપત્રોનું પ્રકાશન નિયમિત રીતે કરવામાં આવ્યું છે અને જે તે રાજ્યમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓમાં તેમનું વિતરણ કરવામાં આવ્યું છે.

### (ખ) શહેરી શાસન

ગુજરાતમાં યુઆઈડીએસએસએમટી અને આઈએચએસડીપીની કામગીરી તથા સુધારાના અમલ અંગે નગરપાલિકાઓના અધિકારીઓ તથા ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટે બે દિવસની એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેનો ઈરાદો એ હતો કે શહેરી સ્થાનિક સંસ્થા આયોજન, અમલ અને ડિઝાઈનના તબક્કાઓમાં સામેલ થાય, સુધારાને આગળ ધપાવે અને આયોજનની પ્રક્રિયાને નાગરિકોની ભાગીદારીવાળી બનાવે તે માટે સામૂહિક કાર્ય કરે તે માટે તેને પ્રોત્સાહન આપવાનો હતો. ૧૩ નગરપાલિકાઓના ૩૩ પ્રતિનિધિઓએ તેમાં ભાગ લીધો હતો. તેમાં નગરપાલિકાના પ્રમુખ, મુખ્ય અધિકારી, ઈજનેર, નગરસેવકો અને વહીવટી અધ્યક્ષનો સમાવેશ થતો હતો. જી.યુ.ડી.એમ., સેપ્ટ અને જીએમએફબી સાથે મળીને સુધારા અને શાસન તથા માળખાગત ક્ષેત્રની યોજનાઓના અમલ વિશે ચર્ચા હાથ ધરવામાં આવી હતી કે જેમનો

અમલ 'રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશન' દ્વારા કરવામાં આવી રહ્યો છે. ગુજરાત શહેરી વિકાસ નિગમ સાથે મળીને નગરપાલિકાઓ સર્વોચ્ચ અદાલતના આદેશ મુજબ ઘન કચરાનું સંચાલન કરે તે માટે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આઈએચએસડીપી હેઠળ ડિજિટલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવા માટે બાવળા નગરપાલિકાના ઈજનેર અને મુખ્ય અધિકારી સાથે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકનો હેતુ આ પ્રક્રિયાને જાણવાનો, શહેરી સ્થાનિક સંસ્થા અને કન્સલ્ટન્ટની ભૂમિકા જાણવાનો તથા અહેવાલ તૈયાર કરવા માટેનાં ટેકનિકલ પાસાંને સમજવાનો હતો.

રાજસ્થાનમાં અમે જોધપુર શહેરની ૧૦ વસ્તીઓમાં સઘન રીતે કામ કરી રહ્યા છીએ આ વસ્તીઓના નાગરિકો સાથે નિયમિતપણે બેઠકો યોજવામાં આવી હતી. તેમની સાથે પાયાની સેવાઓ સંબંધી વિવિધ પ્રશ્નો અંગે સમુદાય પોતે આયોજન કરે અને અમલ કરે તથા નાગરિકો પોતે તેમાં ભાગીદાર થાય તે આ બેઠકોનો હેતુ રહ્યો હતો. વિધવા પેન્શન, વૃદ્ધાવસ્થા પેન્શન વગેરે જેવી સરકારી યોજનાઓના લાભ ૧૦ પરિવારોને અપાવવામાં આવ્યા હતાં. પાયાની સેવાઓની દેખરેખ સમુદાય કરે તે માટે પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેના ભાગરૂપે નાગરિક નેતાઓ સાથે એક અભિમુખતા બેઠક યોજવામાં આવી હતી. તેનો હેતુ પાયાની સેવાઓના પ્રશ્નો સમજવાનો અને રિપોર્ટ કાર્ડ માટે નિર્દેશકો તૈયાર કરવાનો હતો. ભીલ ભખાર અને ઢબ્બુ એમ બે વસ્તીઓમાંથી માહિતી એકત્ર કરવામાં આવી છે.

## ૨. સામાજિક સમાવેશ અને સશક્તિકરણ

### (ક) દલિત અધિકારો

પશ્ચિમ રાજસ્થાનમાં 'દલિત અધિકાર અભિયાન'ના સભ્યો માટે સંખ્યાબંધ તાલીમો નેતૃત્વ નિર્માણ માટે યોજવામાં આવી હતી. તેમાં ૧૧ તાલીમો પુરુષ નેતાઓ માટે અને ૧૧ તાલીમો મહિલા નેતાઓ માટે યોજવામાં આવી હતી કે જેમાં ૮૭૬ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ તાલીમ દરમ્યાન સમુદાયમાં જાગૃતિ, સ્થાનિક સ્તરે હિમાયત, દલિતો અને મહિલાઓ સાથે સંબંધિત કાયદાઓ વગેરે બાબતો વિશે ચર્ચા કરવામાં આવી હતી. અત્યાચારો અને ભેદભાવ સંબંધી ૧૬ કિસ્સામાં ટેકો પૂરો પાડવામાં આવ્યો હતો. તેમાં મહિલાઓ સામના અત્યાચારના પાંચ કિસ્સાઓનો પણ સમાવેશ થાય છે. બે પરિવારોને ૪૯ વીઘા જમીન પ્રાપ્ત થઈ છે. ઉપરાંત, પેન્શન યોજના, પીઓપી, કાર્યશાળા યોજના વગેરે જેવી સરકારી યોજનાઓના લાભ ૨૪ પરિવારોને અપાવવામાં આવ્યા હતા. ૧૫ સભ્યોની એક ટૂકડીની શૈક્ષણિક મુલાકાત ગુજરાત, મહારાષ્ટ્ર અને આંધ્ર પ્રદેશમાં યોજવામાં આવી હતી. તેનો હેતુ આ રાજ્યોમાં દલિતોના સંગઠનની પ્રક્રિયા કેવા પ્રકારની છે અને તેમનું સંગઠનાત્મક માળખું કેવા પ્રકારનું છે તે સમજવાનો હતો. તેમાં 'દલિત અધિકાર અભિયાન'ના ક્ષેત્રીય સંયોજકો અને મુખ્ય કાર્યકર્તાઓએ ભાગ લીધો હતો.

'દલિત અધિકાર અભિયાન' હેઠળ જે વિસ્તારો આવરી લેવાયા નથી તેવા પાંચ વિસ્તારો જોધપુર, જેસલમેર, જાલોર, રેવદર અને બિલારા ખાતે દલિત કર્મશીલો અને સંસ્થાઓ વચ્ચે સંબંધો ઊભા કરવા માટે એક ઝુંબેશ ચલાવવામાં આવી. દલિતોની સ્થિતિ સમજવા માટે દલિત કર્મશીલો અને સંસ્થાઓ સાથે બેઠકો યોજવામાં આવી તથા દલિતોના સંગઠનની પ્રક્રિયા પણ સમજવામાં આવી. તે ઉપરાંત, ઉચ્ચ શિક્ષણ માટે દલિત વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા જાલોરમાં જે સંમેલન યોજવામાં આવ્યું હતું તેને ટેકો પૂરો પાડવામાં આવ્યો. જોધપુરમાં 'બાપ' ખાતે દલિતોનું એક સંમેલન યોજવામાં આવ્યું અને બિલારા ખાતે માથે મેલું ઉપાડવા સંબંધી પ્રશ્નો અંગે પણ એક સંમેલન યોજવામાં આવ્યું. ગ્રામ વિસ્તારોમાં પાણીની અછતની પરિસ્થિતિને સમજવા માટેનું કાર્ય કર્યા બાદ બે ગામોમાં પાણીની સલામતીની યોજનાઓ સમુદાય દ્વારા તૈયાર કરવામાં આવી રહી છે. તેમાં ટાંકી બાંધવાનો સમાવેશ થાય છે.

### (ખ ) મહિલાઓને મુખ્ય પ્રવાહમાં લાવવી

'દલિત અધિકાર અભિયાન'ના ૩૪ સહભાગીઓ માટે મહિલાઓના પ્રશ્નો વિશે સંવેદનશીલતા ઊભી કરવા માટે ત્રણ દિવસની કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. સહભાગીઓમાં મહિલા ક્ષેત્રીય સંયોજકો, સામુદાયિક નેતાઓ અને સમુદાયના સભ્યોનો સમાવેશ થતો હતો કે જેઓ પોતે જ મહિલાઓને તેમના પ્રશ્નો વિશે જાગૃત કરવા માટે સંસ્થામાં કામ કરી રહ્યા છે. તેઓ તેમના કામને વધારે સારી રીતે સમજે તે પણ તેનો ઉદ્દેશ હતો. આગાખાન ફાઉન્ડેશન - અફઘાનિસ્તાનના ૨૨ સભ્યો માટે બે સપ્તાહની એક શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં અફઘાનિસ્તાનના સરકારના પ્રતિનિધિઓ અને આગાખાન ફાઉન્ડેશનના કર્મચારીઓનો સમાવેશ થતો હતો. મહિલાઓની

સમસ્યાઓ અને મહિલાઓને મુખ્ય પ્રવાહમાં લાવવાના સંદર્ભમાં આ ક્ષેત્રીય મુલાકાતો યોજવામાં આવી હતી. તેમાં જે ત્રણ સંગઠનો મહિલાઓને સક્ષમ બનાવવાની કામગીરી કરે છે અને તેમને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે પ્રવૃત્તિઓ કરે છે તેમની મુલાકાતો લેવામાં આવી હતી. અમદાવાદમાં 'સરદાર પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન' ખાતે મહિલાઓને મુખ્ય પ્રવાહમાં લાવવાના વિષય વિશે એક બેઠકનું આયોજન ગ્રામ વિકાસના કાર્યક્રમોના સંકલનના ભાગરૂપે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સરકારનાં વિવિધ ખાતાંઓના પ્રતિનિધિઓ અને શૈક્ષણિક સંસ્થાના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.

જાહેર ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારીને મજબૂત બનાવવા અંગે થઈ રહેલા એક સંશોધન અભ્યાસમાં ભાગ લેવા માટે અમે નવી દિલ્લી ખાતે યોજાયેલી એક દક્ષિણ એશિયાઈ કાર્યશાળામાં ભાગ લીધો હતો. આ કાર્યશાળામાં આઈ.ડી.આર.સી. પાસેથી અનુદાન મેળવનારાં સંગઠનોએ પણ પોતાનો અનુભવ રજૂ કર્યો હતો. ક્ષેત્રીય સ્તરે નાનાં નાનાં જૂથોમાં ચર્ચાઓ કરીને માહિતી એકત્ર કરવાની પ્રક્રિયા પૂરી કરવામાં આવી છે અને કેસ સ્ટડીઝ પણ તૈયાર કરવામાં આવ્યા છે.

કેરળ ખાતે એસડીસી - કેપડેક દ્વારા યોજવામાં આવેલી બે દિવસની એક કાર્યશાળામાં અમે ભાગ લીધો હતો. 'કેરળ ઈન્સ્ટિટ્યુટ ઓફ લોકલ એડમિનિસ્ટ્રેશન' અને 'સખી રિસોર્સ સેન્ટર' દ્વારા વિકેન્દ્રીકરણ માટે ચાલી રહેલી પ્રક્રિયામાં મહિલાઓને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે થઈ રહેલા પ્રયાસો સમજવા માટે આ કાર્યશાળા યોજવામાં આવી હતી. મહિલાઓની પરિસ્થિતિનો અભ્યાસ પંચાયત સ્તરે કરવા માટે એક પદ્ધતિ આ કાર્યક્રમના ટેકાથી વિકસાવવામાં આવી છે. મહિલાલક્ષી આયોજન, અંદાજપત્ર અને ઓડિટ અંગેની કામગીરી ૪૩ ગ્રામ પંચાયતોમાં વિકસાવવામાં આવી છે અને તે અંગેનું પરીક્ષણ કરવામાં આવ્યું છે.

### (ગ) વિકલાંગતાના પ્રશ્નોને મુખ્ય પ્રવાહમાં લાવવા

અમદાવાદના સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટ પ્લાનિંગ એન્ડ ટેક્નોલોજી (સેપ્ટ) દ્વારા સ્થાપત્ય કલાના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓને સાર્વત્રિક ડિઝાઈન વિશે એક વૈકલ્પિક કોર્સ આપવામાં આવે છે. તેને માટે એક્સેસ રિસોર્સ ગ્રુપનો ટેકો લેવામાં આવે છે. આરંભમાં સાર્વત્રિક ડિઝાઈનના ખ્યાલ વિશે ૩૨ વિદ્યાર્થીઓ માટે એક અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સેપ્ટના પ્રાંગણમાં જ વિદ્યાર્થીઓ દ્વારા એક્સેસ ઓડિટ કરવામાં આવ્યું હતું અને તેનો અહેવાલ તૈયાર કરવામાં આવી રહ્યો છે. અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠ ખાતે પણ આવું જ એક્સેસ ઓડિટ આ જૂથ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

આ જૂથ દ્વારા વિકલાંગ વ્યક્તિઓની પહોંચ વધે તે માટે જે વિશેષ પ્રયાસો કરવામાં આવ્યા છે અને જે પ્રવૃત્તિઓ તેના દ્વારા કરવામાં આવતી હોય છે તેને વિશે 'ઈન્ડિયા ટુડે' સામયિકની પૂર્તિ તરીકે ઓગસ્ટ ૨૦૦૭નાં અંકમાં એક લેખ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અંગેના સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવ વિશેની કાર્યશાળામાં અમે ભાગ લીધો હતો. આ કાર્યશાળામાં બિન-સરકારી સંગઠનો, સરકાર અને નાગરિક સમાજનાં સંગઠનોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. કેવી રીતે આ ઠરાવનો અમલ વૈશ્વિક રીતે થઈ શકે અને વિકલાંગ વ્યક્તિઓના અધિકારોનું રક્ષણ થઈ શકે તે વિશે આ કાર્યશાળામાં ચર્ચા કરવામાં આવી હતી. ગુજરાતમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અને સામર્થ્યની પ્રાપ્તિ માટે ભાવિ દર્શન અને દિશા વિશે કરવામાં આવેલી એક જૂથ ચર્ચામાં એક નિષ્ણાત વ્યક્તિ તરીકે ભાગ લીધો હતો. હેન્ડિકેપ ઈન્ટરનેશનલ, અંધજન મંડળ અને આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગના સંયુક્ત ઉપક્રમે તેનું આયોજન કરવામાં આવ્યું હતું.

### (ઘ) ચિરંતન જીવનનિર્વાહને પ્રોત્સાહન

છેલ્લા ત્રણ માસના ગાળા દરમ્યાન ગુજરાતના કચ્છ જિલ્લાના વાંઢ પ્રદેશમાં ૧૦ સ્વસહાય જૂથો દ્વારા નિયમિત બેઠકો યોજવામાં આવી હતી. આ બેઠકોમાં બચત, આંતરિક ધિરાણ, બેંકો પાસેથી ધિરાણ આરોગ્ય, જીવનનિર્વાહ, વીમો અને આપત્તિના સામનાની સમુદાય-આધારિત તૈયારી વિશે ચર્ચા કરવામાં આવી હતી. સિંધી સમુદાય દ્વારા જે ભૂમિતિનો ઉપયોગ કરવામાં આવે છે તેનો આધાર લઈને ચાદરો તૈયાર કરવા માટે નવી ડિઝાઈન તૈયાર કરવામાં આવી હતી. સાદડી અને ચાદરો તૈયાર કરવામાં ભરતકામવાળા ચોરસ ટુકડાઓના જથ્થાનું વેચાણ કરવા માટે પણ પ્રયત્ન કરવામાં આવ્યો હતો. તૈયાર થયેલી વસ્તુઓના વેચાણ માટે દિલ્લીમાં એક 'રંગસૂત્ર' નામની કંપની સાથે વાટાઘાટો ચલાવવામાં આવી રહી છે.

### ૩. આપત્તિ જોખમ સંચાલનના સામાજિક નિર્ધારકો

પંચાયતોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, ગામના સ્વયંસેવકો, સ્વસહાય જૂથોના નેતાઓ અને કાર્યકરોની બે ટુકડીઓને સુનામીથી અસરગ્રસ્ત એવા વિસ્તારોમાં રાહત અને પુનર્વસનનું કામ કેવી રીતે ચલાવવામાં આવ્યું છે તે સમજવા માટે ઓરિસ્સાની શૈક્ષણિક મુલાકાતે મોકલવામાં આવી હતી. આ ઉપરાંત, પૂરથી થયેલા નુકસાનની આકારણી માટે ઉત્તર પ્રદેશ અને બિહારની પણ મુલાકાતો લેવામાં આવી હતી. આ પ્રક્રિયા દરમ્યાન સ્થાનિક બિન-સરકારી સંગઠનો દ્વારા રાહત માટે ટેકો પૂરો પાડવામાં આવ્યો હતો. 'સહભાગી શિક્ષણ કેન્દ્ર' લખનઉ સાથે મળીને 'માલતેસિયર ઈન્ટરનેશનલ'ના સહયોગમાં લાંબા ગાળા સુધી કામ કરવા માટે અમે આયોજન કરી રહ્યા છીએ. રાષ્ટ્રીય આપત્તિ સંચાલન સત્તામંડળ (એનડીએમએ) દ્વારા આપત્તિના સમુદાય-આધારિત સામનાની તૈયારી અંગે જે બે કાર્યશાળાઓ યોજવામાં આવી હતી તેમાં અમે સહભાગી થયા હતા. આ અંગે એક પુસ્તિકાનું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે.

### ૪. જ્ઞાન સંસાધન કેન્દ્ર

ગુજરાત અને રાજસ્થાનનાં ૨૪ સંગઠનો માટે સહભાગી તાલીમ વિશે પ્રશિક્ષકોની બે તાલીમો યોજવામાં આવી હતી. તેમાં ૧૬ મહિલાઓ સહિત ૪૪ સહભાગીઓએ ભાગ લીધો હતો. આ સંસાધન કેન્દ્રમાં ૫૭૪૩ પુસ્તકો છે અને છેલ્લા ત્રણ માસના ગાળા દરમ્યાન તેમાં ૧૬૮ પુસ્તકોનો ઉમેરો થયો છે. આંતરિક ઉપયોગ માટે આ માહિતીનું કોમ્પ્યુટરીકરણ કરવામાં આવ્યું છે. પંચાયતી રાજ, વિકલાંગતા અને અન્ય વિષયો અંગે ૪ સીડી, ૫૭ પોસ્ટર, ૨૭૨ પુસ્તકો અને ૧૧૦ મેન્યુઅલ વિવિધ સંગઠનોને તેમણે માંગ્યાં ત્યારે આપવામાં આવ્યાં છે અને તેમનો ઉપયોગ કાર્યશાળાઓમાં કરવામાં આવ્યો છે.

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: psu_unnati@unnati.org, unnatiad1@sancharnet.in

ક્ષેત્રીય કાર્યાલય: જી-૫૫, શાસ્ત્રીનગર, જોધપુર-૩૪૨ ૦૦૩, રાજસ્થાન.

ફોન: ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: unnati@datainfosys.net

ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'.

મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોન: ૯૮૨૫૧૫૬૪૦૨

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.